RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 73* Date: 08.01.2022 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# વડાપ્રધાનની રાજ્યોના સીએમ સાથે બેઠક

નવીદિલ્હી,તા.૦૭

દેશમાં કોરોનાની ચિંતાજનક પરિસ્થિતિની ચર્ચા કરવા માટે આ બેઠક યોજવામાં આવશે. નોંધનીય છે કે સંક્રમિત લોકો અન્ય લોકોમાં જીવલેણ વાયરસ ન ફેલાવે તે સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારે નવ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને કોરોના ટેસ્ટ ઝડપી બનાવવા માટે નિર્દેશ આપ્યા પછી આ બેઠક કરશે.ભારતમાં ત્રીજી લહેર આવી ગઈ છે અને એવું પણ માનવામાં આવે છે કે દરરોજ આવતા કેસોની સંખ્યા અહીં અટકશે નહીં, પરંતુ અહીંથી વધુ આગળ વધશે. આવી સ્થિતિમાં, ભારતમાં એક દિવસમાં મહત્તમ કેટલા કેસ આવી શકે છે અને શું આ નવા કેસ માટે આપણું આરોગ્ય તંત્ર તૈયાર છે? પ્રથમ લહેરમાં ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ, ભારતમાં એક દિવસમાં ૯૭ હજાર ૮૯૪ કેસ નોંધાયા હતા. ગયા વર્ષે, ૭ મેના રોજ એક દિવસમાં સૌથી વધુ ૪ લાખ ૧૪ હજાર ૧૮૮ કેસ આવ્યા હતા અને હવે માનવામાં આવે છે કે ત્રીજી લહેરમાં એક દિવસમાં ૧૪ લાખથી વધુ કેસ આવી શકે છે.ભારતમાં કોરોનાની પ્રથમ લહેર દરમિયાન સંક્ર્મણના દૈનિક કેસોની સંખ્યા ૧૦,૦૦૦ થી ૧ લાખ સુધી પહોંચવામાં ૧૦૩ દિવસનો સમય લાગ્યો હતો. જ્યારે બીજી લહેર દરમિયાન તેને ૪૭ દિવસ લાગ્યા હતા. કોરોના સંક્રમણની ત્રીજી લહેર ગયા વર્ષના બીજી લહેરકરતાં પાંચ ગણી ઝડપથી વધી રહી છે. સંક્ર્મણ વિસ્તરણનો તબક્કો ૨૮ ડિસેમ્બરથી શરૂ થયો હતો. માત્ર ૧૦ દિવસમાં જોરદાર ઉછાળો આવતા આંકડો ૧ લાખને પાર કરી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોવિડના ૧,૧૭,૧૦૦ નવા કેસ નોંધાયા છે. કોરોનાના નવા પ્રકાર,ૈદ્વૈષ્ઠિ વિશે વાત કરીએ તો, દેશમાં ૈદ્વૈષ્ઠિ ના ૨,૬૩૦ કેસ નોંધાયા છે. જેમાંથી ૯૯૫ દર્દીઓ સાજા પણ થયા છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના સૌથી વધુ ૭૯૭ કેસ છે, જ્યારે દિલ્હીમાં ૪૬૫ કેસ નોંધાયા છે. ભારતમાં આ પ્રકારને કારણે અત્યાર સુધીમાં માત્ર બે જ મૃત્યુ થયું છે, પરંતુ ઓમિક્રોનના કેસ પણ ઝડપથી વધી રહ્યા છે. તેથી, હાલમાં ઓમિક્રોનને હળવાશથી લેવા પ્રત્યે બેદરકાર ન રહો.છેલ્લા કેટલાક દિવસથી દેશમાં કોરોનાના કેસમાં ધરખમ વધારો થયો છે. આ વચ્ચે દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદી વીડિયો કોન્ફરન્સ દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય પ્રધાનો સાથે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરે તેવી શક્યતા છે. ભારતમાં કોરોનાવાયરસના એક લાખથી વધુ નવા કેસ નોંધાયા હતા. જે બાદ દેશમાં કોવિડ-૧૯ના એક્ટિવ દર્દીઓની સંખ્યા વધીને ૩ લાખથી વધુ થઈ ગઈ છે.. આજથી માત્ર ૮ દિવસ પહેલા જ્યાં સંક્રમણના કેસ ૧૦ હજારને પાર કરી ગયા હતા ત્યાં આજે કોવિડના દર્દીઓની સંખ્યા ૧ લાખ એટલે કે ૧,૧૭,૧૦૦ને વટાવી ગઈ છે. કોરોના વાયરસનું નવું વેરિઅન્ટ ઓમિક્રોન વેરિઅન્ટ ઝડપથી વધી રહેલા કોવિડ કેસ માટે જવાબદાર છે. દેશમાં માત્ર ત્રણ દિવસમાં કોરોનાના કેસમાં ૨૪૩ ટકાનો વધારો થયો છે. ૪ જાન્યુઆરીએ એક જ દિવસમાં ૩૭,૩૭૯ કેસ નોંધાયા હતા. ૫ જાન્યુઆરીએ ૫૮,૦૯૭ કેસ અને ૬ જાન્યુઆરીએ છેલ્લા ૨૪ કલાકમાં ૯૦,૯૨૮ નવા કેસ નોંધાયા હતા. એટલે કે માત્ર ૩ દિવસમાં કોરોના કેસમાં ૨૪૩%નો વધારો નોંધાયો છે.




## ઓબીસી અને ઈડબલ્યુએસ અનામત થશે લાગુ

# નીટ પીજી કાઉન્સેલિંગને સુપ્રિમ કોર્ટે મંજૂરી આપી

નવીદિલ્હી,તા.૦૭

કેન્દ્ર સરકારે NEET PG ૨૦૨૧માં ૨૭ ટકાOBCઅને ૧૦ ટકા EWS અનામત આપવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ આ આરક્ષણ સંબંધિત નોટિસ જુલાઈમાં જાહેર કરવામાં આવી હતી, જ્યારNEET PG૨૦૨૧ માટેની અરજીઓ બંધ કરવામાં આવી હતી. પરીક્ષા એપ્રિલમાં યોજાવાની હતી, પરંતુ કોવિડ ૧૯ને કારણે પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૧માં લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓ વિરોધ કરી રહ્યા હતા કે આ શૈક્ષણિક સત્ર એટલે કે મેડિકલ પીજી એડમિશન ૨૦૨૧થી OBC અને ઈઉજી આરક્ષણનો અમલ થવો જોઈએ નહીં. આ સિવાય કેન્દ્ર સરકારે આર્થિક રીતે નબળા વર્ગને અનામત આપવા માટે વાર્ષિક પારિવારિક આવક મર્યાદા ૮ લાખ રૂપિયા નક્કી કરી છે, જેનો વિરોધ થઈ રહ્યો છે. ઉમેદવારોનું કહેવું છે કે, ૮ લાખ રૂપિયાની મર્યાદા ઘણી વધારે છે. આ EWS નો આધાર ન હોઈ શકે.NEET PG૨૦૨૧ કાઉન્સેલિંગ અને આરક્ષણના મામલે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. સર્વોચ્ચ અદાલતે NEET PGકાઉન્સેલિંગ ૨૦૨૧ને મંજૂરી આપી છે. એટલે કે હવે મેડિકલ પીજી એડમિશન ૨૦૨૧ માટે NEET PGનું કાઉન્સેલિંગ શરૂ કરી શકાશે. આ સિવાય સુપ્રીમ કોટNEET PG૨૦૨૧માં OBC અનામત અને EWS ક્વોટા પર પણ નિર્ણય આપ્યો છે. જાણો કેસની સુનાવણી કરનાર જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ એએસ બોપન્નાની બેન્ચે શું કહ્યું? NEET PG૨૦૨૧માં પછાત વર્ગ આરક્ષણના મુદ્દા પર, સુપ્રીમ કોર્ટે કહ્યું કે, 'અમે OBC રિઝર્વેશનની માન્યતા જાળવી રહ્યા છીએ.' એટલે કેOBC કેટેગરીના વિદ્યાર્થીઓને આ સમયથી જ એડમિશનમાં ૨૭ ટકા અનામતનો લાભ મળશે. EWSપ્રવેશ ૨૦૨૧માં આર્થિક રીતે નબળા વર્ગો એટલે કે ઈઉજી ક્વોટાના આરક્ષણ અંગે કેન્દ્ર સરકારના નિર્ણયને પણ હાલ પૂરતો યથાવત રાખવામાં આવ્યો છે. એટલે કે મેડિકલ પીજી એડમિશન ૨૦૨૧માં આરક્ષણનો લાભ એવા તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવશે જેમની વાર્ષિક કૌટુંબિક આવક ૮ લાખ રૂપિયા



સુધી છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે 'હાલમાં ૮ લાખની આવક મર્યાદા હેઠળ EWS આરક્ષણ આપી શકાય છે, જેથી આ શૈક્ષણિક સત્ર માટે પ્રવેશમાં કોઈ સમસ્યા ન આવે. જો કે, સુપ્રીમ કોર્ટ આ આવક મર્યાદા પર સુનાવણી ચાલુ રાખશે. માર્ચ ૨૦૨૨ માં, કોર્ટ આખરે નિર્ણય લેશે કે આ આવક મર્યાદા યોગ્ય છે કે નહી.

## સ્પેનના એલિકેન્ટ પ્રાંતમાં વિરોધીઓ ઈંડા લઈને એકબીજા સાથે લડે છે

નવીદિલ્હી,તા.૦૭

સ્પેનના એલિકેન્ટ પ્રાંતના આઈબી શહેરમાં ૧૮૫૬ થી ઉજવવામાં આવે છે. દર વર્ષે ૨૮ ડિસેમ્બરે બળવો થાય છે જેમાં વિરોધી પક્ષના લોકો લોટ અને ઈંડાને લઈને એકબીજા સાથે લડે છે. જે રીતે જર્મની અને અન્ય કેટલાક દેશોમાં ૧ એપ્રિલના રોજ મજાક, ટીખળ, ટીખળ અને એકબીજાની મજાક ઉડાવવાનો રિવાજ છે, તેવી જ રીતે સ્પેનમાં ૨૮ ડિસેમ્બરે મજાક કરવામાં આવે છે. જર્મન વેબસાઈટ ઙ્ખું.ઙ્ઘ ના અહેવાલ મુજબ, આ તહેવાર એ ભયંકર દિવસની યાદમાં પણ મનાવવામાં આવે છે જ્યારે રાજા હેરોડે બેથલેહેમમાં બાળકોની હત્યા કરવાનો આદેશ આપ્યો હતો. બાઈબલ અનુસાર, આ આદેશ આ આશામાં આપવામાં આવ્યો હતો કે આ રીતે ઈસુ ખ્રિસ્તને પકડવામાં આવશે. આ તહેવારના દિવસે બળવો કરવામાં આવે છે. જૂના લશ્કરી ગણવેશ પહેલા સહભાગીઓના ચહેરા રંગોથી રંગવામાં આવે છે અને તેઓ એક દિવસ માટે સત્તા કબજે કરવાનો પ્રયાસ કરે છે. આમાંથી એકને મેયર બનાવવામાં આવે છે, જે લોકો પર વાહિયાત કાયદા લાદે છે અને જેનું દરેકે પાલન કરવું જોઈએ. આવા વાહિયાત આદેશોનું પાલન ન કરનારાઓને સજા, દંડ અને જેલની સજા પણ કરવામાં આવે છે.

## મહારાષ્ટ્રમાં ઓમિક્રોન અને કોરોનાએ હાહાકાર મચાવ્યો

મહારાષ્ટ્ર,તા.૦૭

કોરોનાની બીજી લહેર દરમિયાન ચેપનું હોટસ્પોટ બનેલા ધારાવીમાં ૧૦૭ નવા કેસ નોંધાયા છે. BMCએ કહ્યું કે આ એક દિવસમાં સૌથી વધુ કેસ છે. ધારાવીમાં કુલ કેસ ૭,૬૨૬ પર પહોંચી ગયા છે. જણાવી દઈએ કે મહારાષ્ટ્રમાં આજે કોરોના સંક્રમણના ૩૬,૨૬૫ નવા કેસ નોંધાયા છે. તે જ સમયે ૧૩ લોકોએ જીવ ગુમાવ્યા છે. રાહતની વાત એ છે કે ૨૪ કલાકમાં ૮,૯૦૭ લોકોને સાજા થયા બાદ રજા આપવામાં આવી છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોન પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

આજે ઓમિક્રોનના ૭૯ નવા કેસ સામે આવતાં ખળભળાટ મચી ગયો છે. જે બાદ સંક્રમિતોની કુલ સંખ્યા ૮૭૬ પર પહોંચી ગઈ છે. તે જ સમયે, અત્યાર સુધીમાં ૩૮૧ લોકો સાજા થયા છે.

## મ્મુકાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદના ૩ આતંકવાદીઓ ઠાર

જમ્મુકાશ્મીર,તા.૦૭

આ વર્ષે સુરક્ષા દળોએ તેમના સંયુક્ત ઓપરેશનમાં કુલ ૧૭૧ આતંકવાદીઓને ઠાર કર્યા છે. જેમાંથી ૧૯ પાકિસ્તાની અને ૧૫૨ સ્થાનિક આતંકવાદીઓ હતા. તે જ સમયે, આ વર્ષે લગભગ ૩૪ નાગરિકો આતંકવાદી ગતિવિધિઓમાં માર્યા ગયા છે.૧૦ ડિસેમ્બરે જમ્મુ-કાશ્મીરના બાંદીપોરામાં ગુલશન ચોકમાં આતંકવાદીઓએ એક પોલીસકર્મી પર હુમલો કર્યો હતો.

આ હુમલામાં બે સૈનિકો મોહમ્મદ સુલતાન અને ફયાઝ અહેમદ શહીદ થયા હતા. આજે, સુરક્ષા દળોએ શ્રીનગરની બહારના વિસ્તારમાં એક્રાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. આ એક્રાઉન્ટર રંગરેથ વિસ્તારમાં થયું હતું.જમ્મુ-કાશ્મીરના બડગામના જોલવા વિસ્તારમાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચેની અથડામણમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. આતંકીઓની ઓળખ કરી લેવામાં આવી છે.

આતંકવાદીઓ જૈશ મોહમ્મદ આતંકી સંગઠનના છે. આતંકવાદીઓમાંથી એકની ઓળખ શ્રીનગર શહેરના વસીમ તરીકે થઈ છે. તેમજ ૩ એકે ૫૬ રાઈફલ પણ મળી આવી છે. હજુ ઓપરેશન ચાલુ છે. હથિયારો અને દારૂગોળો સહિતની ગુનાહિત સામગ્રી મળી આવી છે. કાશ્મીર ઝોન પોલીસે કહ્યું કે હજુ વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

કહેવામાં આવ્યું છે કે બડગામ જિલ્લામાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગુરુવારે રાત્રે એક્રાઉન્ટર શરૂ થયું હતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ બડગામ જિલ્લાના જોલવા ગામમાં સર્ચ અને કોર્ડન ઓપરેશન શરૂ કર્યું હતું જેણે એક્રાઉન્ટરનું સ્વરૂપ લીધું હતું. આ પહેલા બુધવારે પુલવામા જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં જૈશ-એ-મોહમ્મદના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુરક્ષા દળોએ પુલવામા જિલ્લાના ચાંદગામ ગામને ઘેરીને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું જે એક્રાઉન્ટરમાં ફેરવાઈ ગયું હતું. તેમણે કહ્યું હતું કે સુરક્ષા દળો સાથે ગોળીબારમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક, વિજય કુમારે જણાવ્યું હતું કે માર્યા ગયેલા આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદના હતા અને તેમાં એક પાકિસ્તાની નાગરિકનો પણ સમાવેશ થાય છે.

કુમારે જણાવ્યું હતું કે, ઘટનાસ્થળેથી બે સ્-૪ કાર્બાઈન અને એક છટ્ઠ શ્રેણીની રાઈફલ સહિત ગુનાહિત સામગ્રી, શસ્ત્રો અને દારૂગોળો મળી આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે તે "અમારા માટે મોટી સફળતા" છે.

## મહારાષ્ટ્રમાં મોટા પ્રમાણમાં ડોકટરો કોરોના સંક્રમિત થયા

# મહારાષ્ટ્રના ગૃહપ્રધાનના સ્ટાફના ૪ કર્મી પણ પોઝીટીવ

નવીદિલ્હી,તા.૦૭

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં માત્ર મુંબઈમાં કોરોના વાઈરસના ૨૦,૧૮૧ નવા કેસ સામે આવ્યા છે. ત્યારે ૪ લોકોના મોત થયા છે. મુંબઈમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૭૯,૨૬૦ પર પહોંચી છે. મુંબઈમાં પોઝિટિવીટી રેટ ૨૯.૯૦ ટકા નોંધવામાં આવ્યો છે. સતત વધી રહેલા કેસોની વચ્ચે કોરોના ટેસ્ટ પણ ઝડપથી કરવામાં આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૭,૦૦૦ સેમ્પલ લેવામાં આવ્યા. જેમાંથી ૨૦,૧૮૧ સેમ્પલ પોઝિટીવ આવ્યા છે. આ જાણકારી બીએમસી તરફથી આપવામાં આવી છે. કોરોનાની બીજી લહેર દરમિયાન સંક્રમણનું હોટસ્પોટ બનેલા ધારાવીમાં આજે ૧૦૭ નવા કેસ નોંધાયા છે. બીએમસીએ જણાવ્યું કે આ એક દિવસમાં સૌથી વધારે કેસ છે. ધારાવીમાં કુલ કેસ ૭,૬૨૬ સુધી પહોંચી ગયા છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના ૩૬,૨૬૫ નવા કેસ નોંધાયા છે. ત્યારે ૧૩ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. રાહતની વાત એ છે કે ૨૪ કલાકમાં ૮,૯૦૭ લોકોને સાજા થયા બાદ ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. મહારાષ્ટ્રમાં ઓમિક્રોનના કેસ પણ ઝડપથી ફેલાઈ રહ્યા છે.

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં કોરોનાની સ્થિતિ ગંભીર થઈ રહી છે. મુંબઈમાં કોરોના વાઈરસના નવા ૨૦,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ૪ દિવસમાં જ અલગ અલગ હોસ્પિટલના કુલ ૩૩૮ રેસીડેન્ટ ડોક્ટર કોરોના સંક્રમિત થયા છે. ત્યારે રાજ્યના ગૃહપ્રધાન દિલિપ વાલસે પાટિલના સ્ટાફના ચાર સભ્યો પણ કોરોના સંક્રમિત થયા છે.

મહારાષ્ટ્ર સ્ટેટ એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોક્ટર્સના અધ્યક્ષ ડો. અવિનાશ દહિફલેએ કહ્યું કે છેલ્લા ૪ દિવસમાં અલગ અલગ હોસ્પિટલના કુલ ૩૩૮ રેસિડેન્ટ ડોક્ટરનો કોરોના ટેસ્ટ પોઝિટીવ આવ્યો છે અને ગૃહપ્રધાન દિલિપ વાલસે પાટિલના સ્ટાફના ૪ સભ્યો પણ કોરોના સંક્રમિત થયા છે. રાજ્યના ગૃહપ્રધાન કાર્યાલયે કહ્યું કે મંત્રીના આવાસ પર રહેનારા લોકોના સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

## ૧૫ જાન્યુઆરી સુધી મુખ્યમંત્રીએ પોતાના તમામ કાર્યક્રમો રદ કર્યા

ગાંધીનગર,તા.૦૭


કોરોના મહામારીને પગલે હાલ દેશ અને રાજયમાં સ્થિતિ વણસી રહી છે. ત્યારે વાઈબ્રન્ટ સમિટ મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો છે. ૧૦ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન યોજાનારી ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ હાલ પૂરતી મોકૂફ રાખવાનો નિર્ણય કર્યો છે. બાદમાં સમિટને લઈને નવી તારીખો જાહેર કરવામાં આવશે. તો બીજી તરફ કોરોના મહામારીને પગલે અમદાવાદમાં પતંગોત્સવ અને ફલાવર શોને પણ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાનાર આ બંને કાર્યક્રમો રદ કરવાનો આખરે સરકારે પ્રજાના હિતમાં નિર્ણય કર્યો છે.કોરોના સંક્રમણ વધવા સાથે સરકારી કાર્યક્રમો પર રોક લગાવી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ સમિટ મોકૂફ કર્યા બાદ તમામ સરકારી કાર્યક્રમો રદ કરવાનો મોટો નિર્ણય લીધો છે. જણાવી દઈએ કે મુખ્યમંત્રીએ ૧૫ જાન્યુઆરી સુધીના તમામ કાર્યક્રમો રદ કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# આધુનિકતાના વાઘા ધારણ કરી કડવા ઘૂંટ પીતા વિશ્વના દેશો પરોઠના પગલા ભરશે કે શું.....?

*વિશ્વને ૨૧મી સદીમાં પહોંચવા માટે અનેરો થનગનાટ હતો અને તેમાં પ્રવેશવા સાથે આધુનિકતા તરફની દોટ વધતી ચાલી. તેમાં વિશ્વના એક પણ દેશે આધુનિકતાના વાઘા ધારણ કરતા સમયે પોતાના દેશની કુદરતી સંપદાનુ જાણે-અજાણે નિકંદન કાઢી રહ્યા છે તેની ચંદન કાઢી રહ્યા હતા અને માનવ જાત માટેની ઘોર ખોદી રહ્યા છે તેનો સ્વપ્રેય પણ ખ્યાલ ન હતો....! ૨૧મી સદીમાં પ્રવેશતાજ મોટાભાગના દેશોએ માનવતા કોરાણે મૂકી દીધી હોય તેવી સ્થિતી મોટાભાગે સર્જાઈ ગઈ છે. આધુનિકતાનો અંચળો ઓઢી વિકાસની દોડમાં વિશ્વના મોટાભાગના દેશો જોડાઈ ગયા.... તેમાં પણ આધુનિકતામા અગ્રક્રમે રહેવા વિવિધ દેશો વચ્ચે સ્પર્ધા વધી પડી છે... અને એ વિકાસની આંધળી દોડમાં કુદરતિ સંપદાનું નિકંદન વિશેષ પ્રમાણમાં કાઢી નાખવામાં આવ્યું તે સાથે વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ પણ વિકાસશીલ દેશો વધારતા ગયા....આ હવા-વાયુ પ્રદુષણ માનવ જાતને કેવી સ્થિતિએ પહોંચાડશે તે બાબત કોઈ પણ દેશે વિચાર ન કર્યો.તે સાથે એવીજ હાલત જળ પ્રદૂષણ બાબતે બની રહી છે. કુદરતી જળસ્રોતો પર બંધો બાંધીને જમીનને મોટામાં મોટું નુકસાન પહોંચાડયું છે.... તેની અનુભૂતિ વિશ્વની પ્રજાને છેલ્લા બે દાયકાથી થઈ રહી છે.... વિશ્વમા એક પછી એક કુદરતી તેમજ માનવ સર્જીત ઘટનાઓ એવી બનતી જઈ છે કે વિશ્વ આગળ વધવાને બદલે પાછળ હટી રહ્યું છે....! જ્યારે વિશ્વમાં પ્લાસ્ટિકની શોધ થઈ અને વિવિધ પ્રકારે ઉપયોગ કરવા સાથે વિશ્વભરમાં તેના ગુણગાન ભરપૂર રીતે ગવાયા.. પરંતુ આની પાછળ ભવિષ્યમા થનાર માનવજા સહિત કુદરતી સંપદાના નુકસાન બાબતે એક પણ દેશના વૈજ્ઞાનિકોએ સંશોધન ન કર્યુ. પરંતુ જ્યારે પ્લાસ્ટિક કચરો પ્રાથમિકતા ફળદ્રુપ જમીનો, જીવ સૃષ્ટી માટે નુકશાન દેહી બન્યા, માનવ જાતમા રોગો ઉત્પાદક બન્યું ત્યારે વૈજ્ઞાનિકોએ સંશોધન કર્યુ અને પ્લાસ્ટિક માનવ જાત માટે નુકસાન દેહી હોવાનું સ્વિકાર્યું તે સાથે પ્લાસ્ટિક કચરો દરિયામાં પહોંચ્યો ત્યારે વિશ્વના દેશો પણ જાગ્યા અને પ્લાસ્ટિક કચરો જ્યાં ત્યા નહીં ફેંકવા તથા સિર્ઈક્લિગ કરી ઉપયોગમાં લેવા નક્કી કર્યું. પરંતુ એક પણ દેશ પ્લાસ્ટિક ઉત્પાદનો પર પ્રતિબંધ મૂકવા તૈયાર ન થયો....! આવી છે ૨૧મી સદીની માનવ જાત સહિત કુદરતી સંપદા ને નુકશાન પહોંચાડતી આધુનિકતા.....!*

*વિશ્વભરમા ચીને મોટાભાગે દુશ્મનો ઉભા કરવાનું કામ કર્યું છે. તેને આધુનિક સંશોધનોનો ઉપયોગ પડોશી દેશો સહિત જે તે દેશને દબાણમાં કે પોતાની તરફેણમા લેવા માટે જ કર્યો છે. ઉપરાંત પોતાના દેશની પ્રજા પર જે જોહુકમી ચલાવી છે તેના કારણે પડોશી દેશો સાથે વિશ્વના દેશોની સહાનુભૂતિ ગુમાવી દીધી છે.પરંતુ તેની પ્રજા જીનપિંગ અને તેના સાશન તંત્રને ભારે નફરત કરે છે. કે બીજી તરફ શ્રીમંતો સમૃધ્ધ બુદ્ધિજીવીઓ ચીન છોડી નાસવા લાગ્યા છે.મતલબ ચીનની પ્રજા અને સરકાર વચ્ચે મોટી દિવાલ ઉભી થઈ ગઈ છે. તેની પ્રજામાં ભયાનક રોષ ભભુકી રહ્યો છે તે ગમે ત્યારે બહાર આવી શકે.... ૨૦૨૦માં ચીનમાં કોરોના વાઈરસે વુહાનમા તબાહી મચાવી ત્યારે વિશ્વના દેશો તમાશા રૂપે જોઈ રહ્યા હતા. પરંતુ ચીનની ભેદી ચાલ કોઈ દેશ સમજી શક્યું ન હતું.ચીની નવા વર્ષની ઉજવણી દરમિયાન વિશ્વના વિવિધ દેશોમાંથી આવેલા ચીની નાગરિકો સહિતના લોકોને નુકસાનના કોરોના વાયરસ દરમ્યાન પોતાના કાર્યસ્થળના દેશમાં જવા દીધા એજ ચીનનો મોટો ખેલ હતો.... તે માટે વિશ્વના અનેક દેશોએ શંકા વ્યક્ત કરેલ. વિશ્વ ભરમા કોરોના વાયરસે હાહાકાર મચાવવા સાથે મોટાભાગના દેશોના અર્થતંત્રને હચમચાવી નાખ્યા.... ત્યારે બીજી તરફ કોરોનાની અસર ચીનમા નુકસાન સિવાય ચીનમાં ક્યાંય ન થઈ... તથા વિશ્વના દેશો કોરોના સામે ઝઝૂમી રહ્યા છે ત્યારે ચીનમા તમામ ઉત્પાદન ક્ષેત્રો ધમધમી રહ્યા છે.. તેનો જીડીપી દર વધતો જઈ રહ્યો છે..... ત્યારે અમેરિકા સહિત વિશ્વના દેશો સમજી શક્યા છે કે ચીનની ચાલ શું હતી....? પરંતુ હવે ભારત સહિત વિશ્વના અનેક લોકો આધુનિક સાધનો ત્યાગવા સાથે ૧૯મી સદી પસંદ કરવા લાગ્યા છે... અને તે તરફ પરત ફરવા પ્રયાસ કરવાનુ શરૂ કરી દીધુ છે... ત્યારે જોવાનું -સમજવાનું એ છે કે વિશ્વની પ્રજા માનવતાના ગુણ સાથે જાગૃત થશે કે કેમ....?*


મિત્રો , આવો આપણે મળીએ એક એવી યુવા પ્રતિભાને જે એમની વાર્તાસંગ્રહ' મહોતું' થકી કેન્દ્રિય સાહિત્ય પુરસ્કારનાં હક્કદાર માત્ર ૨૨ વર્ષની વયે બન્યાં છે.ગુજરાતી ભાષા, સાહિત્ય અને સિનેમાને એક સ્તર ઊંચું લઈ જનાર , '૨૧ મું ટિફિન' ફિલ્મ નાં લેખક અને સ્ક્રીપ્ટ રાઈટર,વિશ્વભરમાં ગુજરાતી ફિલ્મનો ડંકો વગાડનાર,અનેક ન્યુઝ પેપરનાં કોલમીસ્ટ,બાલિકાવધૂ જેવી ટી.વી સિરિયલ રાઈટર અને ખાસ લોકસાહિત્ય, લોકગીત અને લોકસંસ્કૃતિને ઝીલીને તેની સંવેદના લોકો સુધી પહોંચાડનાર રામ મોરીનેપ..આ સંવાદ નહી સાંભળો તો તમે ચોક્કસ કંઈ ગુમાવશો. મારી વાત સાચી લાગે તો પ્રતિભાવ જરુર આપજો.


# જેવું ખાય અન્ન તેવું થાય મન..

મનુષ્યની જે સ્વાભાવિક વૃત્તિ સ્થિતિ ભાવ બને છે તેના બનવાના કેટલાય કારણો હોય છે,તેમાં આહાર પણ એક કારણ છે.કહેવત પણ છે કે જેવું ખાય અન્ન તેવું થાય મન..એટલે આહાર જેટલો સાત્વિક હોય છે,મનુષ્યનની વૃત્તિ તેટલી જ સાત્વિક બને છે..એટલે કે સાત્વિક વૃત્તિ બનવામાં સાત્વિક આહારથી સહાયતા મળે છે.ઉપનિષદોમાં કહેવામાં આવ્યાં છે કેઃ અન્નમયં હિ સૌમ્ય મનઃ જેવું અન્ન હોય છે તેવું જ મન બને છે.અન્નની અસર મન ઉપર પડે છે.અન્નના સૂક્ષ્મનભાગથી મન (અંતઃકરણ) બને છે.બીજા નંબરના ભાગથી વિર્ય..ત્રીજા ભાગથી રક્ત અને ચોથાભાગથી મળ બને છે કે જે બહાર નીકળી જાય છે.આથી મનને શુદ્ધ બનાવવા માટે ભોજન શુદ્ધ પવિત્ર હોવું જોઇએ.ભોજનની શુદ્ધિથી મન (અંતઃકરણ)ની શુદ્ધિ થાય છે. "આહારશુદ્ધો સત્વશુદ્ધિઃ" જ્યાં ભોજન કરીએ છીએ ત્યાંનું સ્થાન,વાયુમંડળ, દશ્ય તથા તેના પર બેસીને ભોજન કરીએ છીએ તે આસન પણ શુદ્ધ,પવિત્ર હોવું જોઇએ,કારણ કે ભોજન કરતી વખતે પ્રાણો જ્યારે અન્ન ગ્રહણ કરે છે ત્યારે તેઓ શરીરના બધા જ રોમકૂપોથી આસપાસના પરમાણુંઓને પણ ખેંચે છે,ગ્રહણ કરે છે,આથી ત્યાંનું સ્થાન વાયુમંડળ..વગેરે જેવા હશે.પ્રાણો તેવાં જ પરમાણુંઓ ખેંચશે અને તેઓના અનુસાર જ મન બનશે.ભોજન બનાવવાવાળાના ભાવો-વિચારો પણ શુદ્ધ સાત્વિક હોવા જોઈએ.

ભોજન કરતાં પહેલાં બંન્ને હાથ..બંન્ને પગ અને મુખ...આ પાંચેય શુદ્ધ-પવિત્ર જળથી ધોઇ લીધા પ્છીભ પૂર્વ કે ઉત્તર દિશાની તરફ મુખ રાખીને શુદ્ધ આસન પર બેસીને ભોજનની તમામ ચીજોને ભગવાનને અપર્ણ કરીને પ્રથમ કોળીયો ભગવાનનું નામ લઈને જ મુખમાં મુકવો.પ્રત્યેક કોળીયો મુખમાં મુક્યા પછી બત્રીસવાર ચાવવાથી તે તે ભોજન સુપાચ્ય અને આરોગ્યદાયક થાય છે તથા થોડા અન્નથી જ તૃપ્તિક થાય છે.ભોજન કરતી વખતે દરેક ગ્રાસે ભગવાનનું નામ જપવાથી અન્નદોષ દૂર થાય છે. જે લોકો ઈર્ષ્યા ,ભય અને ક્રોધથી યુક્ત છે તથા લોભી છે અને રોગ તથા દીનતાથી પીડિત છે તેઓ જે ભોજન કરે છે તે સારી રીતે પચતું નથી તેનાથી અજીર્ણ થઇ જાય છે એટલા માટે મનુષ્યતએ ભોજન કરતી વેળાએ મનને શાંત તથા પ્રસન્ન રાખવું જોઇએ.મનમાં કામ,ક્રોધ,લોભ,મોહ..વગેરે દોષોની વૃત્તિઓને આવવા ન દેવી અને જો આવી જાય તો તે વેળાએ ભોજન ન કરવું,કેમકે વૃત્તિઓની અસર ભોજન પર પડે છે અને તે અનુસાર અંતઃકરણ બને છે. ખરાબ વ્યક્તિની અથવા ભૂખ્યા કૂતરાની દષ્ટ્રિ ભોજન પર પડી જવાથી ભોજન અપવિત્ર બની જાય છે.હવે તે ભોજન પવિત્ર કેવી રીતે થાય? ભોજન પર તેની દષ્ટિર પડી જાય તો તેને દેખીને મનમાં પ્રસન્ન થઇ જવું જોઇએ કે ભગવાન પધાર્યા છે,આથી તેને સૌથી પહેલાં થોડું અન્ન આપીને ભોજન કરાવી દેવું તેને આપ્યા પછી વધેલા શુદ્ધ અન્નને પોતે ગ્રહણ કરવાથી દષ્ટિંદોષ મટી જાય છે અને તે અન્ન પવિત્ર થઇ જાય છે.ભોજન કરવાવાળા તથા ભોજન કરાવવાવાળાના ભાવની પણ ભોજન પર અસર પડે છે જેમકે...ભોજન કરવાવાળાની અપેક્ષાએ ભોજન કરાવવાવાળાની જેટલી વધુ પ્રસન્નતા હશે તે ભોજન તેટલું જ ઉત્તમ દરજ્જાનું માનવામાં આવે છે, ભોજન કરાવવાળો તો ઘણી જ પ્રસન્નતાથી ભોજન કરાવે છે પરંતુ ભોજન કરવાવાળો મફતમાં ભોજન મળી ગયું,મારા આટલા પૈસા બચી ગયા..આનાથી મારામાં બળ આવી જશે.. વગેરે સ્વાર્થનો ભાવ રાખી લે તો તે ભોજન મધ્યમ દરજ્જાનું થઇ જાય છે અને ભોજન કરાવવાવાળાનો એ ભાવ હોય કે આ ક્યાંથી મારા ઘેર આવી ગયો,આની પાછળ આટલો ખર્ચો કરવો પડશે..વગેરે ભાવો તથા ભોજન કરવાવાળામાં પણ સ્વાર્થભાવ હોય તો તે નિકૃષ્ટ દરજ્જાનું ભોજન થઇ જાય છે.ભોજનના પદાર્થો સાત્વિક હોવા છતાં પણ જો તે ન્યાયયુક્ત અને સાચી કમાણીના નહીં હોય,પરંતુ નિષિદ્ધ રીતિથી પેદા કરેલા હશે તો તેનું પરીણામ સારૂ આવતું નથી.તેનામાં કંઇને કંઇ રાજસી,તામસી વૃત્તિઓ પેદા થશે જેથી પદાર્થોમાં રાગ વધશે,નિદ્રા,આળસ પણ વધારે થશે એટલે ભોજનના પદાર્થો સાત્વિક હોય,સાચી કમાણીના હોય પવિત્રતાપૂર્વક બનાવેલ હોય અને ભગવાનને ભોગ લગાવી શાંતિપૂર્વક ઓછી માત્રામાં ખાવામાં આવે તો તેનું પરીણામ ખુબ જ સારૂં આવે છે. રાજસ ભોજન ન્યાયયુક્ત અને સાચી કમાણીનું હોવા છતાં પણ તત્કાળ તો ભોજનની અસર થવાની જ..કારણ કે ભોજય પદાર્થોના શરીર સાથે વધારે સબંધ હોય છે પરંતુ ભોજન સાચી કમાણીનું હોવાથી પરીણામમાં વૃત્તિઓ સારી બનશે.તામસ ભોજન સાચી કમાણીનું હોવા છતાં તામસી વૃત્તિઓ બનશે જ..પરંતુ સાચી કમાણીનું હોવાથી આપણી વૃત્તિઓનું સ્થાયિત્વ રહેશે નહીં.શુદ્ધ કમાણીના પૈસાથી અનાજ વગેરેમાંથી પદાર્થો ખરીદવામાં આવે,રસોઇ પવિત્ર જગ્યાએ સ્વચ્છ વસ્ત્ર પહેરીને પવિત્રતાપૂર્વક બનાવવામાં આવે,ભોજન ભગવાનને અર્પણ કરવામાં આવે અને ભગવાનનું ચિન્તન અને તેમના નામનો જપ કરતાં કરતાં પ્રસાદ બુદ્ધિથી ભોજન ગ્રહણ કરવામાં આવે તો એવું ભોજન સાત્વિક ભોજન કહેવાય છે.

સ્વાર્થ અને અભિમાનની પ્રધાનતાના લીધે,સત્ય-અસત્યનો કોઇ વિચાર કર્યા વિના પૈસા કમાવવામાં આવે,સ્વાદ-શરીરની પૃષ્ટિત ભોગ ભોગવવાનું સામર્થ્ય વધારવાનો ઉદ્દેશ્ય રાખીને ભોજનના પદાર્થો ખરીદવામાં આવે,,જીભને સ્વાદિષ્ટવ લાગે અને દેખવામાં પણ સુંદર લાગે એવી દષ્ટિવથી,રીતથી તેને બનાવવામાં આવે અને આસક્તિપૂર્વક ખાવામાં આવે એવું ભોજન તામસ ભોજન હોય છે.જૂઠ-કપટ-ચોરી-લૂંટ-દગાબાજી..વગેરે કોઇ રીતે પૈસા કમાવવામાં આવે,શુદ્ધિ-અશુદ્ધિનો વિચાર કર્યા વિના માંસ-માછલી-ઈંડા..વગેરે ખરીદવામાં આવે,વિધિ-વિધાનનો કોઇ ખ્યાલ રાખ્યા વિના ભોજન બનાવવામાં આવે અને હાથ-પગ ધોયા વિના અને પગરખાં પહેરીને અશુદ્ધ વાયુમંડળમાં તેને ખાવામાં આવે તેવું ભોજન તામસી ભોજન કહેવાય છે. એક મહાત્મા રાજ્યગુરૂ હતા.અવારનવાર તે રાજમહેલમાં રાજાને ઉપદેશ આપવા માટે જતા હતા.એક દિવસ તે રાજમહેલમાં ગયા અને ત્યાં જ ભોજન પણ લીધું.બપોરના સમયે તેઓ એકલા આરામ કરી રહ્યા હતા.નજીકમાં જ ખીટીં ઉપર રાણીનો કિંમતી હાર ભરાવેલ હતો. મહાત્માની નજર હાર ઉપર પડતાં જ તેમના મનમાં લોભ જાગી ઉઠ્યો.મહાત્માજીએ હાર ઉતારીને પોતાની ઝોળીમાં નાખી દીધો અને સમય થતાં પોતાની કુટીયા ઉપર આવી ગયા.આ બાજું રાજમહેલમાં હાર ન મળતાં તેની શોધખોળ શરૂ કરવામાં આવી.નોકરોની પૂછપરછ શરૂ કરવામાં આવી.મહાત્માજી ઉપર શંકા કરવાનો તો કોઇ પ્રશ્ન જ ન હતો,પરંતુ નોકરોની પૂછપરછ કરવાથી હારની ખબર કેવી રીતે પડવાની હતી ! કારણ કે તેઓ તો બિચારા નિર્દોષ હતા.પૂરા ચોવીસ કલાક વિતિ ગયા છતાં હારનો પત્તો ના મળ્યો.બીજી તરફ મહાત્માનો મનોવિકાર દૂર થયો,તેમને પોતાના કૃત્ય પર ઘણો જ પશ્ચાતાપ થયો.તે તુરંત જ રાજદરબારમાં પહોચ્યા અને રાજાની સામે જ હાર મુકીને બોલ્યા કે ગઇકાલે હું જ આ હારને ચોરી લઇ ગયો હતો.મારી બુદ્ધિ બગડી ગઇ હતી..મારા મનમાં લોભ આવી ગયો હતો.આજે જ્યારે મને પોતાની ભુલની ખબર પડી હો હાર લઈને દોડતો આવ્યો છું,પરંતુ મને સૌથી વધુ દુઃખ એ વાતનું છે કે ચોર હું હતો અને અહી બિચારા નિર્દોષ નોકરોની દશા ખરાબ કરવામાં આવી રહી છે. રાજાએ હસીને કહ્યું કેઃ મહારાજ ! આપ હાર લઇ જાઓ ! એ તો અસંભવ વાત છે.મને લાગે છે કે જે કોઇ હારની ચોરી કરી લઇ ગયો હશે તે આપની પાસે પહોચી ગયો હશે આપ રહ્યા દયાળુ એટલે તેને બચાવવા માટે આપ આ ચોરીનો અપરાધ પોતાની ઉપર લઇ રહ્યા છો. મહાત્માજીએ ઘણું જ સમજાવીને રાજાજીને કહ્યું કેઃ હે રાજન ! હું જુઠું બોલતો નથી.ખરેખર હાર હું જ લઇ ગયો હતો,પરંતુ મારી નિઃસ્પૃહા નિર્લોભ વૃત્તિમાં આ પાપ કેવી રીતે આવી ગયું તેનો હું નિર્ણય કરી શકતો નથી.આજે સવારે જયારે જયારે મને અતિસાર(ઝાડા) થઇ ગયા અને અત્યાર સુધી મને પાંચ વાર ઝાડા થઇ ગયા,તેથી મારૂં અનુમાન છે કે ગઇકાલે તમારે ત્યાં જે ભોજન જમ્યો હતો તેનો મારા નિર્મલ મન ઉપર પ્રભાવ પડ્યો હતો અને આજે અતિસાર થઇ જવાથી તે અન્નનો અધિકાંશ ભાગ મારી અંદરથી નીકળી ગયો છે ત્યારે મારો મનોવિકાર દૂર થયો છે.તમે શોધખોળ કરીને મને બતાવો કે ગઇકાલે મને જે ભોજન પીરસવામાં આવ્યું હતું તે કેવું હતું અને ક્યાંથી આવ્યું હતું ? રાજાએ તપાસ કરાવી તો ભંડારીએ બતાવ્યું કેઃ એક ચોરે ખુબ જ સારી જાતના ચોખાની ચોરી કરી હતી.ચોરને અદાલતમાં સજા થઇ પરંતુ ફરીયાદી પોતાનો માલ લેવા અદાલતમાં હાજર ન હતો એટલા માટે આ માલ રાજ્યના ખજાનામાં જમા કરવામાં આવ્યો અને ત્યાંથી રાજમહેલમાં લાવવામાં આવ્યો.ચોખા ખુબ જ સારી જાતના અને કિંમતી હતા એટલે મહાત્માજીના ભોજન માટે ચોખાની



ખીર બનાવવામાં આવી હતી.મહાત્માજીએ કહ્યું કે એટલા માટે જ રાજયના અન્નનો નિષેધ કરવામાં આવ્યો છે.જેમ શારીરીક રોગના સુક્ર્મ માનસિક પરમાણુ ફેલાઇને રોગનો વિસ્તાર કરે છે તેવી જ રીતે સુક્ષ્મગ માનસિક પરમાણુ પણ પોતાનો પ્રભાવ ફેલાવે છે.ચોરીના પરમાણુ ચોખામાં હતા તેનાથી જ મારૂં મન ચંચળ બન્યું અને ભગવાનની કૃપાથી અતિસાર(ઝાડા) થવાથી જયારે તેનો અધિકાંશ ભાગ મળ દ્વારા નીકળી ગયો ત્યારે મારી બુદ્ધિ શુદ્ધ થઇ ગઇ,એટલા માટે આહાર શુદ્ધિની આવશ્યકતા છે. કેમકે...

અન્નથી મન અને પાણીથી વાણી નિર્માણ થાય છે..! મનુષ્યઅનું મન સ્વાભાવિક જ કયા ભોજનમાં લલચાય છે એટલે કે જે ભોજનની વાત સાંભળીને તેને જોઇને અને તેને ચાખીને મન આકૃષ્ટ થાય છે તેના અનુસાર તેની સાત્વિકી..રાજસી કે તામસી નિષ્ઠા માનવામાં આવે છે.સાત્વિકી મનુષ્યોકની રૂચિ સાત્વિક ખાનપાન..રહેણીકરણી કાર્યસમાજ વ્યક્તિ..વગેરેમાં હોય છે અને તેઓનો જ સંગ કરવાનો તેમને સારો લાગે છે.રાજસી મનુષ્યો્ની રુચિ રાજસ ખાનપાન.. રહેણી-કરણી..કાર્યસમાજ..વ્યક્તિ..વગેરેમાં હોય છે અને તેઓનો જ સંગ તેમને સારો લાગે છે. તામસી મનુષ્યોગની રૂચિ તામસ ખાનપાન,રહેણી-કરણી,કાર્યસમાજ,વ્યક્તિ વગેરેમાં તથા શાસ્ત્ર વિરૂદ્ધ આચરણો કરવાવાળા નીચ મનુષ્યોનિ સાથે ઉઠવા બેસવા,ખાવા પીવા,વાતચીત કરવા, સાથે રહેવા,મિત્રાતા કરવામાં હોય છે.તેઓનો જ સંગ તેમને સારો લાગે છે તથા તેવાં જ આચરણોમાં તેઓની પ્રવૃત્તિ થાય છે.આયુષ્યવ,સત્વગુણ,બળ,આરોગ્ય સુખ અને પ્રસન્નતા વધારવાવાળા હૃદયને શક્તિ આપવાવાળા રસયુક્ત તથા ચિકણા ભોજન કરવાના પદાર્થો સાત્વિક મનુષ્યદને પ્રિય હોય છે. અતિ કડવા-ખાટા,અતિ ખારા,અતિ ગરમ,અતિ તીખા,અતિ સૂકા તથા અતિ દાહકકારક આહાર રાજસી મનુષ્ય ને પ્રિય હોય છે કે જે દુઃખ, શોક અને રોગોને આપવાવાળા છે.આવા ભોજન કર્યા પછી મનમાં પ્રસન્નતા થતી નથી પરંતુ સ્વાભાવિક ચિંતા રહે છે.આવા ભોજનથી રોગો થાય છે. જે ભોજન અડધું પકાવેલું..રસરહિત..દુર્ગંધયુક્ત વાસી અને એંઠું છે તથા જે મહાન અપવિત્ર છે તે તામસી મનુષ્યકને પ્રિય હોય છે.ચડવાના માટે જેમને પુરો સમય મળ્યો નથી તેવા અર્ધા ચઢેલા..તાપ વગેરેથી જેમનો સ્વાભાવિક રસ સૂકાઇ ગયો છે અથવા મશીન વગેરેથી જેમનો સાર ખેંચી લેવામાં આવ્યો છે તેવા દૂધ..દુર્ગંધવાળા..ડુગળી..લસણ વગેરે પાણી અને મીઠું ભેળવીને બનાવેલાં શાક રોટલા..વગેરે પદાર્થો રાત્રી વિતતાં વાસી કહેવાય છે. ભોજન પછી પાત્રમાં બચેલું અથવા એઠા હાથ લગાડેલું અને જેને ગાય બિલાડી-કૂતરૂં-કાગડો વગેરે પશુપક્ષી જોઇ લે તે બધું એંઠું માનવામાં આવે છે. રજ-વિર્યથી પેદા થયેલા માંસ માછલી ઈંડા વગેરે મહાન અપવિત્ર પદાર્થો જે મડદાં છે અને જેમને અડવા માત્રથી સ્નાન કરવું પડે છે તે તામસ ભોજન છે. ઘણા લોકો પ્રશ્ન કરે છે કે જો શરીર રહેશે તો મનુષ્યે સાધન ભજન કરશે તેથી અભક્ષ્યદ ભક્ષણ કરવાથી જો શરીર બચી જાય તો શી હાની છે ? તેનો જવાબ છે કે અભક્ષ્યી ભોજન કરવાથી શરીર બચી જાય,મૃત્યુ ટળી જાય એ કોઇ નિયમ નથી.જો આયુષ્યઅ શેષ હશે તો શરીર બચી જશે અને આયુષ્યી શેષ નહીં હોય તો શરીર બચશે નહીં કેમકે શરીરનું બચવું કે ન બચવું પ્રારબ્ધને આધિન છે,વર્તમાન કર્મોને આધિન નથી.અભક્ષ્યન ભક્ષણથી શરીર બચતું નથી.ફક્ત શરીરની થોડીક પૃષ્ટિવ જ થઇ શકે છે,પરંતુ અભક્ષણનું ભક્ષણ કરવાથી જે પાપ લાગે છે તેનો દંડ તો ભોગવવો જ પડે છે.

આજકાલ કેટલાક લોકો જીવરહીત ઈંડા ખાવામાં દોષ માનતા નથી,પરંતુ તે ઉચિત નથી.જીવ રહીત હોવા છતાં પણ તે શાકભાજીની જેમ શુદ્ધ નથી,પરંતુ મહાન અશુદ્ધ છે કેમકે તે ઇંડું મહાન અપવિત્ર રજ(રક્ત) અને માંસથી જ બને છે.


સંકલનઃ
સુમિત્રાબેન ડી.પરમાર નિરંકારી
Sumi7875@gmail.com


# કોટનમાં ૮૦,૯૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં રૂ.૩૨૦ની નરમાઈ

**સોના-ચાંદીના વાયદાના ભાવમાં ઘટાડોઃ ક્રૂડ તેલમાં વૃદ્ધિઃ સીપીઓ, રબરમાં સુધારોઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૦ પોઈન્ટ, મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૧૫ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૩૬ પોઈન્ટની મૂવમેન્ટ**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૮,૫૫૦ સોદાઓમાં કુલ રૂ.૯,૬૭૯.૭૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૬૦ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૧૧૫ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી. આ સામે એનર્જી ઈન્ડેક્સના જાન્યુઆરી વાયદામાં ૩૬ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૫,૨૬૬ સોદાઓમાં કુલ રૂ.૨,૫૬૫.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૩૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૫૮૬ અને નીચામાં રૂ.૪૭,૩૪૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨ ઘટી રૂ.૪૭,૪૧૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩ ઘટી રૂ.૩૮,૨૧૫ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ ઘટી રૂ.૪,૭૬૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૩૫૧ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૫૨૩ અને નીચામાં રૂ.૬૦,૦૧૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૫ ઘટી રૂ.૬૦,૩૨૧ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૯૪ ઘટી રૂ.૬૦,૬૪૧ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૮૮ ઘટી રૂ.૬૦,૬૪૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૦,૧૭૦ સોદાઓમાં રૂ.૧,૯૦૭.૩૭ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૦૫ વધી રૂ.૨૩૨.૯૦ અને જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૦ વધી રૂ.૨૯૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૦ વધી રૂ.૭૩૬.૩૫ અને નિકલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૦.૯ વધી રૂ.૧,૫૬૫.૫૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં ૨૬,૧૩૪ સોદાઓમાં કુલ રૂ.૧,૮૫૯.૧૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૯૫૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૭૮ અને નીચામાં રૂ.૫,૯૧૮ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૫૯ વધી રૂ.૫,૯૫૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૨૮૮.૨૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૯૬૫ સોદાઓમાં રૂ.૩૦૧.૧૫ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૨,૦૨૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૪૧ અને નીચામાં રૂ.૧૯૯૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦.૫૦ વધી રૂ.૨,૦૨૧ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૦૫૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૨૬૦ અને નીચામાં રૂ.૧૬,૦૫૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩૬ વધી રૂ.૧૬,૨૦૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૦૫ અને નીચામાં રૂ.૧૧૦૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪.૯૦ વધી રૂ.૧૧૦૫ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૮.૭૦ ઘટી રૂ.૧૦૨૫ અને કોટન જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૨૦ ઘટી રૂ.૩૫,૨૭૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૭,૮૨૭ સોદાઓમાં રૂ.૧,૧૯૯.૮૪ કરોડનાં ૨,૫૨૯.૪૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૭,૪૩૯ સોદાઓમાં કુલ રૂ.૧,૩૬૫.૭૮ કરોડનાં ૨૨૫.૮૮૯ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૩૪૧.૫૦ કરોડનાં ૧૪,૫૮૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૩૨૩.૨૩ કરોડનાં ૧૧,૧૧૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૬૧૭.૯૭ કરોડનાં ૮,૩૭૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૫૭૬.૪૨ કરોડનાં ૩,૬૭૬.૫૦૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૪૮.૨૫ કરોડનાં ૨,૫૯૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૨,૮૦૨ સોદાઓમાં રૂ.૧,૧૭૩.૩૫ કરોડનાં ૧૯,૭૨,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૧૩,૩૩૨ સોદાઓમાં રૂ.૬૮૫.૭૬ કરોડનાં ૨,૩૯,૨૬,૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૧૩ સોદાઓમાં રૂ.૦.૫૩ કરોડનાં ૫૨ ટન અને કોટનના વાયદાઓમાં ૨,૭૧૮ સોદાઓમાં રૂ.૨૮૯.૮૦ કરોડનાં ૮૦૯૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૨૧૨ સોદાઓમાં રૂ.૧૦.૨૬ કરોડનાં ૯૯.૩૬ ટન, રબરના વાયદાઓમાં ૨૦ સોદાઓમાં રૂ.૦.૩૪ કરોડનાં ૨૧ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨ સોદાઓમાં રૂ..૨૨ કરોડનાં ૨૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૬૪૪.૬૧૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૯૦૪.૨૭૨ ટન, એલ્યુમિનિયમમાં ૧૫,૦૪૦ ટન, જસત વાયદામાં ૮,૯૪૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૨,૩૪૫ ટન, નિકલ વાયદામાં ૨,૮૫૬ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૩,૦૯૦ ટન, ક્રૂડ તેલમાં ૧૩,૯૦,૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧,૧૪,૪૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૫૬ ટન, કોટનમાં ૧૭૯૩૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૨૨.૬૪ ટન, રબરમાં ૧૦૬ ટન, સીપીઓમાં ૩૬,૫૯૦ ટનના સ્તરે રહ્યો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS NO: 004
વિષય : ટૂંકમાં " ૨૦૨૧ સાહિત્ય નું સરવૈયું "
પ્રકારઃ મુક્ત પંચિકા પદ્ય ને ગદ્ય લેખ
શબ્દોઃ૩૫૦
શીર્ષકઃવર્ષ વીત્યું ને..!

વર્ષ વીત્યું ને
સંગમ થયો
કલમ કાગળનો,
વલુર્યા જખ્મ
લાલ શાહીથી.
વર્ષ વીત્યું ને
કર્યુ કાર્ય ને
છતાંય અપજશ,
અટકી ધારા
કાળી શાહીની!
વર્ષ વીત્યું ને
છેતરપિંડી
સાહિત્યને નામેને,
ઘૂંટડા ગળ્યાં,
નીલા ઝેરનાં.
વર્ષ વીત્યું ને
શોધ્યા ગુણ,
અસ્તિત્વ મહીં,
પરાયાં બન્યાં,
રંગહીન તે!
વર્ષ વીત્યું ને
અવિરત હું
થંભી ગઈ શબ્દોમાં,
ચઢ્યાં ખભે
સાહિત્યકાર!
નગુણા તેઓ
બન્યા તે ગુણી
શોધી રહી મને હું,
ભીડમાં પળે,
સત્વે કોણ હું!

વર્ષ વીત્યું ને દીવા તળેનાં અજ્ઞાનનાં અંધકારને જ્ઞાનનો પ્રકાશ આપવાનો પ્રયાસ કર્યો છે મેં.

સત્ય હકીકત તો એ છે કે મારું ૨૦૨૧નું વર્ષ કશ્મકશમાં ગયું. વર્ષની શરૂઆતમાં બે ગ્રુપનાં નિર્ણાયક તરીકે કરી સાહિત્યની સેવા કરી. મનમાં હતું કદાચ મારી માતૃભાષાને ચાહનારાઓને વગર અભિમાને સરસ રીતે શુદ્ધતા તરફવાળું. અતિ સંઘર્ષ કરી જોડણીઓ સુધારી મહેનત કરી પ્રુફ રીડીંગ જેટલી મહેનત મહેનતાણા વગર કરી, ન કદર માંગી ન દયા , પણ કહેવાય છેને સૌને સાહિત્યકાર બનવું છે પણ કોઈને ભૂલોનો સ્વીકાર નથી કરવો ગમતો. ઘણાંયે સાહિત્યને સમજવા કરતાં પોતાની મહત્તાને આગળ ધરી.

મહેનત કરતાં વૈમનસ્યની વાતો ચાલી. કદાચ ચાર કલાક બેસી ને કરેલી સેવા ઘણાંને નિજાનંદ આપી ગઈ અને ઘણાંને નિજ પર આરોપ જેવું લાગ્યું.

તપાસતા તપાસતા હું પોતે મારા ઘણાં કાર્યમાં પાછી પડી તો કેટલાય મારાં આવતા લેખ કે વાર્તા પર મારી
નિર્દોષતા પર તરાપ મારી. મારું કાર્ય મેં ખૂબ જ ઈમાનદારીથી કર્યું છે, એ તો ઉપર બેઠેલો ઈશ્વર જુએ છે.
મને પ્રસિદ્ધિ નથી જોઈતી.આખાં વર્ષમાં ક્યારેય આડી અવળી કૃતિ કે વાહ વાહ પણ મેળવવા પ્રયત્ન નથી કર્યો પણ મારી સાહિત્યકાર કે નિર્ણાયક તરીકે કદર તો ન કરી પણ ગ્રુપમાં મારે હમણાં માફી માંગવી પડી. એટલી ફરિયાદ મારા માટે થઈ.

ક્યાંક કદર થઈ ને તેમાં પ્રેમની સુગંધ ભળી તો ક્યાંક ખૂબ સુંદર આવકાર મળ્યો. ક્યાંક લોકો સામેથી શોધતા આવ્યાં.

વાહ સરસ સાહિત્યનું આ એક બીજું પાસું જોવા મળ્યું . સાહિત્યકાર બનવું એટલે ચાર શબ્દની વાર્તા કે લેખ લખવા એ નથી પણ ખેલદિલીથી ભૂલ સ્વીકારી ભૂલ સુધારવી એ છે. વિવેચક ત્યારે બનાય જ્યારે આપણે પૂર્ણ પણે સાહિત્ય પચાવી શકીએ . એ શીખ મારાં માટે વિતેલા વર્ષનું સરવૈયું છે. મિત્રો..

મૌલિક લખતાં શીખજો તો જ સાહિત્યકાર બનાશે. સાચું કહેવું ને સત્ય પચાવવું અઘરું છે. માટે જો કોઈને ખરાબ કે ખોટું લાગ્યું હોય તો ક્ષમા. સમજ્યા હોવ તો ખૂબ ખૂબ ધન્યવાદ.??

જયશ્રી પટેલ

---

NOG Houston:
NOG.SS.N :0079
વિષય ૨૦૨૧ નું સરવૈયું
શીર્ષક જમા— ઉધાર
પ્રવિણા અવિનાશ

૨૦૨૧નું વર્ષ આખરે સમાપ્ત થયું . જમા અને ઉધાર પાસાનો મેળ કેવી રીતે બેસાડવો? વિકટ પ્રશ્ન સામે આવીને ઉભો. ગમે કેમ કરીને ખાતાવહી ને વફાદાર રહેવું પડશે.
કોરોનાએ ઉધાર પાસામાં ઉધમાં મચાવી . હું કાંઈ ગાંજી જાઉં તેવી નથી. બાંય ચઢાવી નવરાશના સમયનો સદ ઉપયોગ કર્યો . લેખન કળા વિકસાવી. કોરોનાના સંકજામાં ફસાઈ ન જવાય તેનો ખ્યાલ રાખ્યો . સહુ પહેલા વેકસિન લીધું. મુખ પર 'દ્રહ્ગજા 'પહેર્યા વગર ક્યાંય જવાનું નહી. અરે કારણ વગર ઘરની । મોકલચાબહાર પણ જવાનું નહી.
જન ફરિયાદમાં નિયમિત લેખ લખીને પ્રકાશિત કરવા મોકલયા. પ્રદીપ ભાઈ ખુલ્લા દિલે આવકારતા. અરે સારા લેખ વિષય બહારના હોય તો પણ અપનાવતા. જમા પક્ષનો ઉધાર સાથે મેળ બેસાડ્યા વગર છૂટકો નહતો. જોડણી સુધારવા પર ધ્યાન આપ્યું . નિયમિત દિનચર્યા ને કારણે માનસિક તણાવ ન લાગ્યો. “ઝુમ” પર નિયમિત યોગના વર્ગ ચલાવ્યાં .
જન ફરિયાદ , દ્વારા પ્રદીપ ભાઈ રાવળ સાથે મૈત્રી થઈ. નવું મિત્ર મંડળ પરેરણાદાયી બન્યું .
કોરોના વિશે એક હરફ ન ઉચ્ચાર્યો. સંજોગો ના ગુલામ ન થતાં તેમની સંગે તાલ મિલાવ્યો. સામે પાણી એ તરવાનો સંકલ્પ કર્યો. કોઈને ગમે કે ન ગમે ચિંતા કરવાની છોડી દીધી.
યાદ રાખવું અંતરમાંથી સત્ય નો બુલંદ અવાજ સંભળાશે.તે કદી જુઠ્ઠું નહી બોલે.
સમયનો સદઉપયોગ કર્યો. ફેસ બુક અને વોટસ એપ પર નિયમિત વિચારો દર્શાવ્યા. લેખનકળા વિકસાવી, મિત્રોએ પ્રેમથી આવકારી. મનને તાબે ન થતા ઉમંગભેર પ્રગતિને પંથે ચાલવાનું સ્વીકાર્યું .
ભલે જીવનની રફતાર ધીમી હતી પણ સાહિત્ય ના સહારે રેતીમાં વહાણ હંકાર્યું .
સમય કદી રસમય નથી હોતો. માત્ર નિરખવાને નજર જોઈએ. હા, અગવડનો સામનો કરવો પડ્યો હતો . એનું નામ તો જીવન છે.
સાહિત્ય ના શરણે હોઈએ પછી ફિકર શાની !

---

NOG S S. No. 0097
વિષયઃવિતેલા વર્ષની સાહિત્યિક સફર
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ સ્થગિત જિંદગી

૨૦૨૧નું વર્ષ વૈશ્વિક બિમારી લઈને આવ્યું.ઘણા પરિવારો
નંદવાયા.બાળકો નોધારા બન્યા. આ બધી આર્થિક અને સામાજીક મુશ્કેલીઓ કોવિડ સાથે બોનસમાં મળી.
હું પણ કયાં એમાંથી બાકાત હતી?
વર્ષ ની શરુઆત જ સામાજીક મુશ્કેલીથી થઈ.મધ્યાહ્ને શરુ કરેલું વકીલાતનું ભણતર કામ આવ્યું.છતાં લખતી રહી. પરંતુ વર્ષના મધ્યાહ્ને આવેલા વાવાઝોડાંએ બરાબર જમીનદોસ્ત કરી દીધી.ચાર ચાર પુસ્તકોની લેખિકા એવી મારી કલમ બિલકુલ સ્થગિત થઈ ગઈ.
કલમ જ નહીં જીંદગી પણ સ્થગિત થઈ ગઈ.બિલકુલ અંધકાર છવાય ગયો.પ્રકાશ, જીવનનો પ્રકાશ પણ લઈ ગયો.જાતે જ જાતને ઊભી કરવાના પ્રયત્ન શરુ કર્યા.
વર્ષાંતે ધીરે ધીરે કલમમાં પ્રાણ પુરી રહીછું.

વર્ષાબેન દેસાઈ.એડવોકેટ .વડોદરા

---

NOG SS No/0044
વિષયઃ- ટૂંકમાં "૨૦૨૧ સાહિત્યનું સરવૈયું"
પ્રકારઃ- ગદ્ય
શબ્દોઃ- ૨૨૫
શીર્ષકઃ- સાહિત્ય સફર

NOG માં હું,જીજ્ઞાબેનની આંગળી પકડીને આવેલી.મારો પહેલો જ લેખ,' આક્રોશ' જીજ્ઞાબેને આ પેપરમાં મોકલેલો.મને તો જીજ્ઞાબેને ફોન કરીને કહ્યું અને એની કોપી મોકલી ત્યારે જ ખબર પડી કે લેખ પેપરમાં પ્રસિધ્ધ થયો છે, હું હંમેશા જીજ્ઞાબેનની આભારી રહીશ. અગાઉ ચર્ચાપત્ર અને બીજા છાપામાં ક્યારેક લખતી.આ ગૃપમાં જીજ્ઞાબેને સભ્ય બનાવી ત્યારથી દર અઠવાડિયે મારી રચના ન્યુઝ ઓફ ગાંધીનગરમાં પ્રસિધ્ધ થાય એનો આનંદ એ માટે સંચાલક શ્રી પ્રદીપભાઈ નો આભાર.

બીજાં સાહિત્ય ગૃપમાં પણ મારી કૃતિઓ રજૂ થાય છે અને દરેક ગૃપમાંથી કંઈક ને કંઈક શીખવા મળ્યું.હાઈકુ વિષે ભણેલાં એટલે એનું બંધારણ જ ખબર પરંતુ એનાં બીજા નિયમો ,તાન્કા,સાઈજીકી, મુક્તપંચિકા વિવિધ ગૃપોમાંથી લખતાં શીખી.

આ ગૃપમાં દાદીશા જોડણી શીખવાડતાં એટલે લેખન શુધ્ધિમાં પ્રગતિ થઈ. દાદીશા પાસેથી ઘણું શીખી છું એ માટે હું હંમેશા એમની ઋણી રહીશ.આ ગૃપનાં સંચાલક શ્રી પ્રદીપભાઈ નિસ્વાર્થ ભાવે બધાની જ રચના છાપામાં પ્રસિધ્ધ કરી લખવાનો ઉત્સાહ વધારે. મને અલગ અલગ વિષય આપી લેખ લખાવી છાપામાં અવાર નવાર પ્રસિધ્ધ કરી મને પ્રોત્સાહિત કરતાં રહ્યાં.સૌથી વધુ આનંદ અને ગૌરવની વાત કે, સંચાલક શ્રી પ્રદીપભાઈએ મારામાં વિશ્વાસ મૂકી મને દરેક કૃતિનો પ્રતિભાવ આપવાની કામગીરી સોંપી એને કારણે મારો આત્મવિશ્વાસ વધ્યો એ માટે હું હંમેશા એમની ઋણી રહીશ.

કોરોનાકાળમાં 'ઉંબરા બન્યા ડુંગરા' એવે વખતે સાહિત્યનાં વિવિધ ગૃપો દ્વારા થતું લેખનકાર્ય 'રણમાં મીઠી વીરડી' સમ બની રહ્યું એને કારણે જ ચાર દિવાલની વચ્ચે સ્વસ્થ રહી શકી.

મિત્રો, એટલે જ લખતાં રહીએ સ્વસ્થ રહીએ.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

NOG SS No:0099
વિષય : વર્ષ ૨૦૨૧ માં સાહિત્ય લેખનનું સરવૈયું.
પ્રકાર :ગદ્ય

હું છેલ્લા ૨૨ વર્ષથી સાહિત્ય સર્જન કરું છું. મારા સાહિત્યને (કવિતા)ને લોક□દય સુધી પહોંચાડનાર મોટો વાચકવર્ગ છે. ગુજરાત રાજ્ય દ્વારા યોજાયેલ કાવ્ય લેખન સ્પર્ધામાં અનેકવાર હું વિજેતા બની છું. આટલી કીર્તિ મેળવવા છતાં મને ઓછપ લાગતી હતી. હું મારા પ્રશંસકોને કહેતી કે,"તમે મને વિષય આપો હું ફક્ત પંદર જ મિનિટમાં તમને રાગબધ્ધ કવિતા કે ગીત લખી આપીશ."

મેં અત્યાર સુધીમાં ૧૧ પુસ્તકો તૈયાર કર્યા છે. પાંચ પુસ્તકો પ્રકાશિત કર્યા છે પરંતુ મને રોજ રોજ પ્રેરણા આપી લખવા માટે પ્રેરે એવા માધ્યમની હું શોધમાં હતી. બોસ ૨૦૨૧માં માર્ચ માસના પ્રારંભે મારી ઓળખાણ આદરણીય વિભૂતિબેન દેસાઈ સાથે થઈ. તેમણે મને "કલમના કસબી" અને "NOG સાહિત્ય સરિતા" ગ્રુપમાં એડ કરાવી. આદરણીય વિભૂતિબેનની હું આભારી છું કે મને વિશાળ વાચકવર્ગની ભેટ આપી છે.

"NOG સાહિત્ય સરિતા"ની વાર્ષિક ફી ૫૦૦ રૂપિયા છે આ બાબતે મેં માનનીય પ્રદીપભાઈને એપ્રિલ માસમાં જ ફોન કરીને જણાવ્યું હતું કે મારા ૫૦૦ રૂપિયા ફી તો ક્યારની વસૂલ થઈ ગઈ છે. આ છે મારી સાહિત્ય પ્રત્યેની રુચિ અને મારો અસાધારણ પ્રેમ. હું આવા જ ગ્રુપની શોધમાં હતી અને તેની આ ગ્રુપમાં આવીને મને તૃપ્તિ થઈ ગઈ.

નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં મારા ઘણા મિત્રો એવા છે જે NOGમાં પ્રસિદ્ધ થયેલ મારી કૃતિઓ નિયમિત વાંચે છે.

વર્ષ ૨૦૦૧માં ભાગ્યે જ બે કે ત્રણ સપ્તાહ એવા હશે કે મને ગુલાબ નહીં મળ્યું હોય. ભાગ્યે જ મારી કોઈ કૃતિ એવી હશે કે જેમાં ક્ષતિ નીકળી હોય હું દાદીસાની પણ આભારી છું. અનુસ્વાર હું એમની પાસેથી જ શીખી છું. એમના શબ્દો અને પ્રોત્સાહન મને ખૂબજ પ્રેરણા આપે છે.

વર્ષ ૨૦૨૧ માં બે ગ્રુપ મળીને મેં ૮૩ જેટલી કવિતા અને દસેક વાર્તા તથા લેખ લખ્યા છે. મારી ઝડપને પહોંચી વળવા મને હજુ વધારે વિષય અને વધુ સ્પર્ધાની જરૂર છે જે આ વર્ષે મને તક સ્વરૂપે મળે એવી અભ્યર્થના સાથે વિનવું છું.

ભાવનાબેન મિસ્ત્રી "અભય" વલસાડ

---

NOG SS No : 0078
વિષય - સાલ ૨૦૨૧ નું સરવૈયું
પ્રકાર - ગદ્ય
શીર્ષક - ફરિયાદ કોઈ નથી.

NOG ગૃપમાં જોડાયા પછી અલગ-અલગ વિષયો ની રચના લખવાનો ઉત્સાહ વધ્યો અને તે સમયે સમયે પ્રકાશિત થતાં તેને અલગ અલગ રકુંજર્હૂ ગ્રુપ અને FBમાં મૂકવા માટેનો માર્ગ મોકળો થયો. ઘણી રચનાઓ આ દૈનિક દ્વારા પ્રકાશિત થઈ એનો આનંદ છે. ગ્રુપના એડમીન અને કોઈપણ સભ્યો માટે કોઈપણ ફરીયાદ નથી.
જયશ્રીબેન- દાદીશાના માર્ગદર્શનથી ઘણું શીખવા મળ્યું. આભાર

શ્વેતા તલાટી,- વડોદરા

# મળેલા જીવ : પન્નાલાલ પટેલ ના પુસ્તકની સમીક્ષા ગૂગલ મીટ પર ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા રજૂ કરવામાં આવી



આનંદાલય દ્વારા ગૂગલ મીટ પર બુધ સભા નિમિતે પુસ્તકો ની સમીક્ષા પ્રસ્તુત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં નીચે જણાવેલ સભ્યો એ પુસ્તક સમીક્ષા પ્રસ્તુત કરી હતી.

ક્રમ. નામ :પુસ્તક નું નામ
૦૧ પારસ દવે - મદનલાલ ધિંગરા
૦૨ ડો ગુલાબચંદ પટેલ - મળેલા જીવ
૦૩ તૃપ્તિબેન પટેલ - ઈકીગાય
૦૪ ધવલભાઈ સોલંકી - અકૂપર
૦૫ અલ્પેશકુમાર ચૌહાણ - મરો ત્યાં સુધી જીવો
૦૬ આત્મજા જોષી - જાદુઈ શાળા

મળેલા જીવ : પન્નાલાલ પટેલ ના પુસ્તકની સમીક્ષા ગૂગલ મીટ પર કવિ લેખક અને અનુવાદક ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ આનંદાલય દ્વારા બુધ સભા યોજવામાં આવી હતી જે સાધકો ને ખૂબ ગમી હતી.

સમિક્ષા : ડૉ ગુલાબ ચંદ પટેલ સાધક આનદાલય કવિ લેખક અનુવાદક

" માથા ની તુંબડી માં લાખ લાખ મોતી, લ્યા ,
હૈયા ની કોથળી ખાલી ,અભાગીયા ! હૈયા ની ચેથરી ખાલી "

આ પુસ્તક ની પ્રથમ આવૃતિ ૧૯૪૧ માં છપાયેલી,ત્યાર બાદ ૧૬ વખત પુનઃ મુદ્રણ થયું છે. છેલ્લે ૧૯૯૯ માં થયું છે,તેની કિમત ૭૫ રૂપિયા છે.

પ્રકાશક ભારત પી પટેલ છે.એ/૨ અસ્મિતા એપાર્ટમેંટ નવરંગ પૂરા અમદાવાદ

મળેલા જીવ નવક કથા ના લેખક પન્નાલાલ પટેલ છે.નરમ તબિયત માં ઝવેરચંદ મેઘાણીએ પ્રસ્તાવના લખી છે.પ્રથમ આવૃતિ એ સાહિત્ય યુગ માં પન્નાલાલ પટેલ ની મળેલા જીવ નવલકથા એ પગ પેસારો કર્યો છે,

આ પુસ્તક માં કાલ્પનિક પાત્રો છે,જીવી —ને કાનજી ને માવીના અવતરમાં હાલતા ચાલતા નાચતા,ગાતા અને ગોઠડી કરતાં તો વળી વિજોગ ની વેદના માં ભડકે બળતા પણ સગી આંખે લેખક ને જોવા મળ્યા છે.આ પુસ્તક પરથી અનુભવ અને હલજોન નામની ફિલ્મ બની હતી.

મિત્રો પુસ્તક ની સમિક્ષા કરવાનું કામ ખૂબ અઘરું છે,તેમ છટ પ્રયાસ કરી રહ્યો છુ,

કેટલીક વાર લેખક વિષે સમિક્ષા માં વધુ લખાઈ જાય છે,તેમ છતાં તેઓનો પરિચય ટૂંકમાં આપવા માંગુ છુ.તેઓનો જન્મ ૭ મે ૧૯૧૨ માં મંડળી ડુંગરપુર રાજસ્થાન માં થયો હતો,તેઓએ ૨૦ થી વધુ ટૂંકી વાર્તાઓ લખીછે.,સુખના સાથી ,વતરકના કાંઠે ,૨૦ કરતાં વધુ સામાજિક નવલકથાઓ લખી છે,

જેવી કે મળેલા જીવ માનવીની ભવાઇ.ભાગ્યના ભેરુ,અને અનેક ધાર્મિક નવલકથાઓ લખી છે.તેઓને ૧૯૮૫ માં માનવીની ભવાઇ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલો તેમના સર્જન નું નાટકો અને ફિલ્મો માં રૂપાંતર થયું છે.સાહિત્ય જગત નો આ ચમકતો તારલો છે.

આ નવલકથા બંને પાત્રો કાનજી અને જીવી ની પ્રણય કથાનું વર્ણન કરે છે.કાનજી અને જીવી બંને એક મેળામાં ભેગા થાય છે,જન્માષ્ટમી ના મેળા માં જીવી ને કાંજીની પ્રથમ મુલાકાત જ એક બીજાને પ્રેમ માં ડૂબાડી દે છે.બંને ભિન્ન જ્ઞાતિ ના હોય લગ્ન કરવામાં અડચણ આવે છે.જીવી પોતાની નજર સામે રહે એ માટે કાનજી જીવી ને કદરૂપા ધૂલા સાથે પરણાવી દે છે.કાનજી નોકરી માટે શહેરમાં જતો રહે છે,અહી જીવીને તેનો વહેમી પતિ ખૂબ મરજૂદ કરે છે,જીવી રોટલા માં જાહેર ભેળવી લે છે,પરંતુ વિધિના સંજોગોનુસર તે રોટલો ધૂળો ખાઈ લે છે,જીવી વિધવા બને છે,કાનજી શહેર થી ગામ આવે છે અને જીવી ને પોતાની સાથે લઈ જાય છે,

આ પુસ્તક નું હિન્દી માં રૂપાંતર થયેલું છે,તેના પરથી ઉલજન નામનું ચલચિત્ર બનેલું છે,અંગ્રેજી માં પણ રૂપાંતર થયેલું છે,

આ પુસ્તક માં જવેરચંદ મેઘાણી એ એક ઘટના પોતાની સમીક્ષામાં ટાંકી છે,

છાપામાં વાંચેલી આ ઘટના એએમ એક વૈજ્ઞાનિક પોતાની પ્રીતમ ના શબ ને કબરસ્તાનમાથી કાઢીને મસાલો,ઔષધિ નાખી ને મુલાયમ બનાવી ગુલાબી રંગે રંગી એને સુહાગ ના શણગારો સજાવી સેટ સેટ વર્ષ સુધી પોતાની સેજ માં રાખે છે,આ વૈજ્ઞાનિક પકડાઈ જાય છે અને તેને જેલ માં જવાનો વારો આવે છે.આ નવલ કથા વાંચતાં એક પ્રસંગ એવો આવે છે,

અરે કાનજી,હે ભૂંડા,અહી તું કેમ નબળાઈ બતાવે છે? અરે હાલા ! તારું તે કાળજું કેમ કીડા ખાઈ ગયા છે ?અરે મૂઆ ,છે તો જોધાર જેવો ને આટલીય હીમત બતાવી શકતો નથી ?મેર મેર અભાગીયા ,એક નાનકડી હીમત ના અભાવે આખા જીવન ને એટલી બાલી નાખવી પોતાની કરેલી પાસેથી આવું જીવલેણ વચન માંગે ? એને કાળી રાતે તેડી લાવ્યો ત્યારે હજુ વખત હતો,તેટલા માં જ એને સ્પષ્ટ પણે ચેતવીને ભયંકરતના કૂવા માથી કા ન બચાવી લીધી ? અલ્યા નથી કોઈ દગો દીધો,તકત્વન જીવીએ પુલા જેવા ધણી નો ઢોરમાર કેમ ખાધો ?

એને સામે કા ન મારી શકી ? ઓઢણી ફગાવી ચાલી કા ન નીકળી ? પોતાને દગો દેનાર કાનજી ને ચોકડી કેમ ન મારી ?

કાનજી કહે તું ગંદી કા ન થઈ ગઈ અભાગણી ?આઝાદ વેશ્યા કા ન થઈ ગઈ ,? આવો પ્રશ્ન કાનજી એ પણ પૂછી શકે જીવી ને પૂછેલો .કમળના મુખમાં પાંદડિયો માં બિદાઈ ને મોતના મુખમાં જનાર ભમરા ના સંસ્કૃત શ્લોક ને વધવા જેવુ આ કામ છે,હૈયા ને ભીંજવતી આ વાર્તા જીવન માં જેર ના ઘૂંટડા પીવાનું જોર પૂરે છે,કાનજી જીવી ને લાવ્યો પણ લાવ્યા પણું રાખતો નથી,

કાનજી ગુસ્સા માં કહે છે લે જરા પગ ઉપાડ ,પણ તમ તમારે ચાલો ને હું સાથે આવું છું,પાસળ પાસળ ,મને તો માતા યે નથી ખાવાની ,કહી જીવી એ કાનજી તરફ જોયું, પણ એમાં ચિડાય છે શું કામ ?કહી સહેજવર થંભી કાનજી એ ઉમેર્યું ,એમ હતું તો,ઘરમાથી નીકળવું જ નહોતું,જખ મારી નીકળ્યા ,તારી મરજી ન હોય તો તું પછી વળી જ,હું તને લાવ્યો હતો તે જ રીતે મૂકી જઈશ જીવી કહે,લો હેડો હવે ડહાપણ કર્યા વગર,કાનજી એ આડો હાથ કર્યો ,ના ઊભી રે ,હજુય વેળા છે,પેલો બટકો જાય છે તે તને ગમશે ? જીવી ,લેવા આવ્યા ત્યારે આંખો ક્યાં પાણી પીવા ગઈ તી ?

લ્યો હેડો હવે એમ કહી જીવી એ કાનજી ને હડસેલો મૂક્યો ,કાનજી ને ખૂબ ગુસ્સો આવ્યો ,જાણે જીવી ને મારી ને એ પણ મારી જાય ,ઠીક કહું છું પછી વળી જ ,હજીય વેળા છે, શાની શાની કર્યા વગર વળ ને આમ ,જીવી ને બાવળે જાળી સહેજ ફેરવી,મને ને તારી જાત ને શું કામ છેતરે છે ?ચલ આવવું હોય તો છાનીમાની,ધંગે ચાલો નહીં તો આવો પાછળ પાછળ,કાનજી અને જીવી ના પ્રણય ની આ વાર્તા છે,

પ્રેમ ખાતર કાનજી એ વચને જીવી ને નરક માં પાડવા વચને બાંધી,એ નરક ની નિસરણી ના પગથિયાં બેઉ મળેલા જીવ ઘુમરતા આવ્યા છે,સમગ્ર લોક સંસાર ને પોતાના વમળમાં લેતી આ પ્રેમ કથા કાનજી અને જીવી ના પંદર માસના પ્રેમની આ કથામાં પૂરા પંદર પ્રસંગો પણ નથી,છાણાં વિણતી જીવી નું પત્ર ઘટના ઓના બાહ્ય આકર્ષણ વગર પણ અદ્ભુત પ્રયોગ ને આ નવલકથામાં આગવું સ્થાન નથી તેમ છતાં મળેલા જીવ કથા માં મનોભુવન માં ગાજી ને ખેડૂત ના મનોભુવન માં અદભૂતતા ની અને રહસ્યતા ની આસમાની ઊભી કરે છે,માનવી નું મન એ જ કથા નું શીર્ષક બની શક્યું હોટ પરંતુ,માનવીનું મન હજી ઉકેલાયું નથી,માનવીના મન વિષે ના વાર્તાઓ ના ભંડારો હજુ પણ અકબંધ પડ્યા છે,માનવીનું મન હજુ તો ,એને શોધવાની અનેક પગદંડીઓ છે,પરંતુ આપણે એમની એક પણ પગદંડી શોધી શક્ય નથી,કેટલાએ પન્નાલાલ જેવા લેખકો ની રાહ જોઈને બેઠી છે ઈચ્છો કે ન ઈચ્છો પણ આપ અને આખો સમગ્ર સંસાર આ કથા ની સંવેદના ને સ્પર્શ કરી રહ્યો છે, સંસાર ની અને સમાજ ની સંવેદના આમ આ સમાયેલી છે, આ સંવેદના ભરી કથા છે,

જીવી ઘાયજિ હોય કાનજી તેની સાથે લગ્ન કરવામાં સંકોચ અનુભવે છે, આજે પણ આપણે જોઈયે છીએ કે સમાજમાં બે વિભિન્ન જાતિના લોકો સહેલાઈ થી લગ્ન કરી સકતા નથી, ડૉ ગુલાબ ચંદ પટેલ

★★★★★★★★★★★

## અરવલ્લી જિલ્લાના ૩૦ શિક્ષણ સહાયકોને પૂર્ણ પગારના આદેશ એનાયત કરાયા

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ - સંલગ્ન કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી અરવલ્લીના સંયુક્ત ઉપક્રમે ×અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકોને પુરા પગાર આદેશ એનાયત કાર્યક્રમ× વર્ચ્યુઅલ મીટીગ દ્વારા કલેકટર કચેરીના સભાખંડમાં યોજવામાં આવ્યો હતો.જે અંતર્ગત જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં કલેકટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીના અધ્યક્ષસ્થાને ૩૦ શિક્ષણ સહાયકોને પુરા પગારના આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં કલેકટરશ્રીએ શિક્ષકોને પ્રોત્સાહિત કરી શિક્ષણનો યજ્ઞ સતત પ્રજ્વલિત રાખવા શિક્ષકોને સૂચન કર્યુ હતું. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી ગાયત્રીબેન પટેલ દ્વારા શિક્ષકોને અપીલ કરવામાં આવેલ કે વિદ્યાર્થીઓના હિતમાં શિક્ષણ કાર્ય થાય, વિધાર્થીઓનું પરિણામ ઉંચુ આવે અને દરેક શિક્ષક ખંતથી વફાદારીપૂર્વક પોતાની ફરજ નિભાવે તે મુજબનુ માર્ગદર્શન કરવા જણાવ્યું હતું.

# પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા પસંદગીના નંબર મેળવવાઈચ્છતા વાહનમાલિકો માટે યોજાશે ઈ-ઑક્શન

ટુ-વ્હિલર અને ફોર-વ્હીલર ના અગાઉની સીરીઝમાંબાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું ઈ-ઑક્શન શરુ થશે.

પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી, અમદાવાદ દ્વારા વાહનચાલકોની સગવડતા અર્થે પસંદગીનાનંબરોની ફાળવણી માટે ઑનલાઈન ઈ-ઑક્શન કરવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છુકવાહનમાલિકોએ આગામી તા.૧૫જાન્યુઆરી ૨૦૨૨થી ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ સુધીમાંઑનલાઈન એપ્લિકેશન કરી નિયત રકમ ચૂકવવાનીરહેશે.અગાઉની સીરીઝમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનુંઈ-ઑક્શનમાટે શરૂ કરવામાં આવનાર છે. આ ઈ-ઑક્શનમાં ભાગ લઈ પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતાવાહનમાલિકોએ તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવી ત્યારબાદ તા.૧૮ અને તા.૧૯જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ ઈ-ઑક્શનનું બિડિંગ યોજાશે.ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ http://vahan.parivahan.gov.in/fancy વેબસાઈટ પર જઈ સેલ ઈન્વોઈસની તારીખ અથવા વિમાની તારીખ એ બે માંથી જે વહેલું હશે તે તારીખથીસાત દિવસમાં અરજી કરી દેવાની રહેશે. અરજી કરેલ હોયતેવા જ અરજદારો વાહનના સેલ લેટરમાં દર્શાવેલ વેચાણ તારીખથી ૬૦ દિવસના અંદર હરાજીમાં ભાગલેવા અરજી કરી શકશે. નિયત સમય બહારની અરજીઓ રદ કરવામાં આવશે.જો અરજદારએ હરાજીની પ્રકિયા પૂર્ણ થયાના પાંચ દિવસ સુધીમાં બીડનીરકમના નાણાં જમા કરાવવાના રહેશે. આ સમયમર્યાદામાં નાણાં ચુકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.અસફળ અરજદારને રીફંડ હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાં પરત કરવાના હોવાથી જે રીતે ચૂકવાનું કર્યું હોય તે જ Mode થી અરજદારના તે જ ખાતામાં નાણાં પરત કરવામાં આવશે.

# સરકારની નવી ગાઈડલાઈન જાહેર

દુકાન,ગલ્લા,યાર્ડ,સલૂન રાત્રે ૧૦ સુધી જ ચાલુ રાખી શકાશેસ્પા, બ્યૂટી પાર્લર,શોપિંગ કોમ્પ્લેક્સને રાત્રે ૧૦સુધીની જ છૂટહોટલ,રેસ્ટોરન્ટ ૭૫ ટકા ક્ષમતા સાથે રાત્રે ૧૦ સુધી ચાલુ રાખી શકાશેરાજકીય, સામાજિક સહિતના કાર્યક્રમો પર પણ અંકુશખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ સાથે કાર્યક્રમને છૂટબંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા વ્યક્તિઓની છૂટખુલ્લા સ્થળોમાં લગ્નમાં ૪૦૦ વ્યક્તિઓ સુધીની છૂટ

લગ્નપ્રસંગો બંધ સ્થળોમાં જગ્યાની ક્ષમતાના ૫૦ ટકાની જ છૂટઅંતિમવિધિ,દફનવિધિમાં મહત્તમ ૧૦૦ લોકોને મંજૂરીસરકારી, પ્રાઈવેટ એસી નોન બસમાં ૭૫ ટકા ક્ષમતાને મંજૂરીસિનેમા હોલ, જીમ,વોટર પાર્ક,સ્વિમીગ પુલમાં ૫૦ ટકા ક્ષમતાને મંજૂરીલાઈબ્રેરી, ઓડિટોરીયમ, મનોરંજક સ્થળોમાં ૫૦ ટકા ક્ષમતાને મંજૂરી જાહેર બાગ બગીચા રાત્રે ૧૦ સુધી ખુલ્લા રાખી શકાશેધો. ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ સુધીના કોચિંગ ક્લાસને ૫૦ ટકા ક્ષમતામાં મંજૂરી ધો. ૧ થી ૯ ના ઓફલાઇન વર્ગ બંધ ૩૧ જાન્યુઆરી સુધી બંધ કરાયા વર્ગમાત્ર ઓનલાઈન શિક્ષણ જ ચાલુ રહેશે

# અરવલ્લી જીલ્લા કક્ષાનો "પ્રજાસત્તાક પર્વ" માલપુર ખાતે યોજાશે

## ૨૬ જાન્યુઆરી ઉજવણીના સંદર્ભે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં વ્યર્યુલ બેઠક યોજાઈ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

દેશના પ્રજાસત્તાક પર્વની ઉજવણી આગામી ૨૬ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ થનાર છે ત્યારે અરવલ્લી જિલ્લાના પ્રજાજનો પણ આ રાષ્ટ્રીય પર્વમાં ઉત્સાહભેર જોડાય તે માટે વિશેષ આયોજન હાથ ધરાયું

જે અંતર્ગત અરવલ્લી જીલ્લામાં પણ આ દિનની આગોતરી તૈયારીઓ સાથે કોરોના સામે તકેદારીના પગલા લઈને ઉજવણી કરવા જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જીલ્લાના અધિકારીશ્રીઓ સાથે વ્યર્યુલ બેઠક યોજાઇ હતી.

આ બેઠકમાં કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ જણાવ્યું કે, જે તે વિભાગના અધિકારીઓને જે કામગીરી સોંપવામાં આવી છે. તેને ચીવટ પૂર્વક નિભાવવાની રહેશે. જીલ્લાનાકક્ષાના કાર્યક્રમની સ્થળની પસંદગી કરી તે સ્થળની સફાઈ, કામગીરી, ગામોની સાફ સફાઈની કામગીરી સુશોભન કરવું તેમજ ધ્વજ વંદન અને સ્ટેજ,પરેડ, વગેરે માટે મેદાનને તૈયાર કરવું, કાર્યક્રમમાં ગરીમા પૂર્વક ઉજવાય તેવી કામગીરી કરવા અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત ધ્વજવંદનના સ્થળે માઈક, લાઈટ તથા ઈલેક્ટ્રિક સપ્લાય અવિરત મળે તે માટેની જરૂરી કામગીરી, પ્રોટોકોલ મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવી, સ્વાતંત્ર્ય સેનાનીઓનું સન્માન તથા મહેમાનો-મહાનુભાવોનું સ્વાગત ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અંગે વ્યવસ્થા, ધ્વજવંદનના સ્થળે ધ્વજદંડ, સ્ટેજ, સુશોભનની કામગીરી, વૃક્ષારોપણ અને ટ્રાફિક તથા વાહન પાર્કિંગની વ્યવસ્થાની કામગીરી કરવી તથા ટેબ્લો નિદર્શન અંગેની પણ ચર્ચા કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પર્વની ઉજવણી સોશિયલ ડિસ્ટન્સ સાથે કરવા અનુરોધ કર્યો. આ ઉપરાંત પ્રજાસત્તાક પર્વ પૂર્વ સંધ્યાએ તાલુકા/ગ્રામ્ય કક્ષાએ રાષ્ટ્ર ભાવના ઉજાગર થાય એવી કામગીરી કરવા સુચન કર્યું હતું.

આ બેઠકમાં જીલ્લા નિવાસી કલેકટર શ્રી એન.ડી.પરમાર, જીલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી બી.ડી.ડાવેરા, બાયડ પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, આરોગ્ય અધિકારીશ્રી તથા જીલ્લાના અન્ય વિભાગના અધિકારીશ્રીઓ વ્યર્યુલ મિટીગમાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઓમ પબ્લિક સ્કૂલ ચાણસ્મા ખાતે વેક્સિન નો પ્રોગ્રામ યોજાયો



સમગ્ર ભારત દેશ સહિત ગુજરાત રાજ્યમાં પણ કોરોના એ ભરડો લીધો છે ત્યારે ગુજરાત રાજ્યમાં પણ કોરોના ની ત્રીજી લહેર આવવાની સંભાવના હોય ભારત સરકાર સહિત ગુજરાત રાજ્યની સરકાર દ્વારા સંવેદના દાખવી નાની ઉંમરના બાળકોને કોરોના વેક્સીન આપવાનું શરૂ કરાયું છે ત્યારે પાટણ જિલ્લાના તાલુકા મથક ચાણસ્મા ખાતે આવેલો ઓમ પબ્લિક સ્કૂલ ખાતે ૧૧૨ જેટલા ૧૫થી અઢાર વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓને કોરોના વેક્સિન આપવામાં આવી હતી આ પ્રસંગે શાળાના ધોરણ નવથી ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કોરોના વેકેશન આપવામાં આવી હતી ત્યારે શાળાના મુખ્ય ટ્રસ્ટી ગૌરવભાઈ, અંકુરભાઇ,, હાર્દિકભાઈ, તેમજ શાળાના આચાર્ય શ્રી નીતિનભાઈ, પરસોત્તમભાઈ, તેમજ સમગ્ર ઓમ પબ્લિક સ્કૂલ શાળાના સ્ટાફ ઉપસ્થિત રહી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો રિપોર્ટર નિખિલ જોશી પાટણ

# આરોગ્ય ના "બાલ કવચ" કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જીલ્લા ના કલેકટરશ્રી સંદીપ સાગલે ને ઉત્કૃષ્ટ કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાનો "ગોલ્ડ" સ્કોચ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

## ૦ થી ૫ વર્ષના અને ૬ થી ૧૮ વર્ષ સુધીના તમામ બાળકોનો હેલ્થ સર્વે બાલ કવચ ફેઝ-૧ અને ફેઝ-૨ અંતર્ગત કરવામાં આવ્યો.

સોધી કાઢવામાં આવેલ જોખમી બાળકો જેવાકે હૃદય કિડની કેન્સર વી. ના સમય સર ઓપરેશન અને કુપોષિત તથા અન્ય બીમારી વાળા જોખમી બાળકો ને જરૂરી સારવાર કરાવવા માં આવી અને સતત ફોલો અપ આરોગ્ય ની ટીમ દ્વારા લેવા માં આવી રહ્યું છે.

કોરોનાની સંભવિત ત્રીજી લહેરની તૈયારીના ભાગરૂપે ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમ અમદાવાદ જિલ્લામાં બાળકોને કોવીડ-૧૯ માંદગી તથા મુત્યુથી બચાવવા માટે બાલ કવચ ફેઝ-૧ અને ફેઝ-૨ અંતર્ગત માન.કલેકટરશ્રી (સંદીપ સાગલે આઈ.એ.એસ) અને માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી (અનિલ ધામેલીયા આઈ.એ.એસ )તેમજ જીલ્લા પંચાયત આરોગ્ય શાખા ના અધિકારીશ્રી ડો.શૈલેશ પરમાર (મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ), ડો. ગૌતમ.વી.નાયક (આર.સી.એચ અધિકારી ), ડો.ચિંતન દેસાઈ (એપેડેમીક મેડીકલ ઓફીસર), તાલુકા હેલ્થ ઓફિસર, ડો.ભાવેશ લીમ્બાચીયા (આર.બી.એસ.કે નોડલ ઓફિસર), ડો.કોમલ વ્યાસ (ડીસ્ટ્રીક્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર), ધ્રુમિલ પંડ્યા (ડેટા મેનેજર ) તેમજ સમગ્ર આર.બી.એસ.કે ટીમ અને આશા-આંગણવાડી કાર્યકર, અને સમગ્ર હેલ્થ ટીમ ના સીધા માર્ગદર્શન હેઠળ ૧૧૫૬ આશા,આંગણવાડી તથા આરોગ્યની ટીમ દ્વારા ધરે ધરે ફરીને ૦ થી ૫ વર્ષના ૧૫૯૫૭૨ બાળકોનું તથા ૬ થી ૧૮ વર્ષના ૨૫૯૭૧૦ બાળકોનું પ્રાઈમરી સ્ક્રીનીંગ કરવામાં આવ્યું. બાલ કવચ અંતર્ગત આમ કુલ ૪,૧૯,૨૮૨ બાળકોનો સર્વે કરવામાં આવ્યો. સર્વે દરમ્યાન જન્મ સમયે ઓછુંવજન, અતિ-કુપોષિત,કુપોષિત,કીડની, હૃદય,કેન્સર,થોલેસેમિયા,ટી.બી.,એચ.આઈ.વિ. જેવી ગંભીર બીમારીઓ ધરાવતા ૦ થી ૫ વર્ષના ૧૨૯૬ અને ૬ થી ૧૮ વર્ષના ૬૯૨ એમ કુલ ૧૯૮૮ જોખમી બાળકો શોધી કાઢી આવા તમામ બાળકોની ધનીષ્ટ આરોગ્ય તપાસ આર.બી.એસ.કે.ની ૨૭ ટીમ દ્વારા કરવામાં આવી અને જોખમી બાળકોને વધુ તપાસ માટે નિષ્ણાંત તબીબો પાસે રીફર કરવામાં આવેલ અને કુપોષિત બાળકોને આંગણવાડી સેન્ટર ખાતે થી ટેક હોમ રેશન આપી બાળકોનું વજન વધે તે માટે પ્રયત્ન હાથ ધરેલ છે તેમજ જિલ્લા લેવલના અધિકારીશ્રીઓ દ્વારા તે બાળકોની મુલાકાત કરી વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરમા આવા તમામ જોખમી બાળકોને જરૂર પડે રીવર્સ કોરનટાઇન અર્થે જરૂરી પગલા લેવામાં આવશે કે જેથી બાળકોમાં કોવીડના રોગનું પ્રમાણ અને મુત્યુ ઘટાડી શકાય. સર્વે વાલીઓને અપીલ છે કે સત્વરે પોતાનું કોવીડ રસીકરણ કરાવીલે અને વારંવાર હાથ ધોવા,સામાજિક અંતર જાળવવું,માસ્ક અવસ્ય પહેરવું જેવા કોવીડ એપ્રોપ્રીએટ બિહેવિયરનું પાલન કરે.તા.૦૬ જાન્યુઆરીના રોજ ઉપરોક્ત કામગીરીને ધ્યાને રાખી રાષ્ટ્રીય કક્ષાનો સ્કોચ "ગોલ્ડ" કેટેગરી નો એવોર્ડ એનાયત થયેલ છે. જે સમગ્ર અમદાવાદ જીલ્લાનું ગૌરવ વધારે છે.

# ગાંધીનગરમાં ભવ્ય એક્ઝિબિશન કમ સેલ

ત્રિદિવસીય સેલ તા. ૮મી જાન્યુઆરી સુધી ચાલશે, દવાથી માંડીને જ્વેલરી સુધીની ૮૦૦થી વધુ વસ્તુઓ એક જ સ્થળે મેળવવાનો સુવર્ણ અવસર

હર્ષાબા સ્વસહાય જૂથ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા ત્રિદિવસીય એક્ઝિબિશન કમ સેલનું આયોજન સેક્ટર-૭ કમ્યુનિટી હોલ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. ગુરુવારે આ સેલના પ્રથમ દિવસે ઉદઘાટન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર બ્રહ્માકુમારીઝનાં સંચાલિક કૈલાશદીદી, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ એક્ઝિબિશન કમ સેલમાં ૧૫૦ જેટલા સ્ટોલ્સ ગાંધીનગર ઉપરાંત, અમદાવાદ, રાજકોટ અને જામનગરનાં સ્વાશ્રયીઓ દ્વારા સજાવવામાં આવ્યા છે, જેમાં મહિલાઓની સંખ્યા મહત્તમ છે. સેલના સ્થળે ફ્રી માસ્ક ઉપરાંત ફ્રી ડેન્ટલ ચેક-અપ કેમ્પ, ફ્રી ડાયાબિટીસ ચેક-અપ કેમ્પ અને રાહત દરે સેનીટરી પેડની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સેલમાં સમાવિષ્ટ વિવિધ સ્ટોલ્સમાં આયુર્વેદિક દવાઓ, કુદરતી દવાઓ, હર્બલ પર્સનલ કેર અને હોમ કેર પ્રોડક્ટ્સ, પુરુષો, મહિલાઓ અને બાળકો માટેનાં બધાં જ પ્રકારનાં કપડાં, ગરમ કપડાં, પગરખાં, ગૃહ સજાવટની વસ્તુઓ, ખાણીપીણીની વસ્તુઓ, મુખવાસ ઉપરાંત સ્વાસ્થ્યસંભાળને લગતી પ્રોડક્ટ્સનો પણ સમાવેશ થાય છે.

પ્રથમ દિવસે વરસાદનું વિઘ્ન આ સેલને નડ્યું હતું, પરંતુ તેમ છતાં ઉલ્લેખનીય સંખ્યામાં નગરજનોએ આ તેની મુલાકાત લીધી હતી.

આ એક્ઝિબિશન કમ સેલ તારીખ ૮મી જાન્યુઆરી ને શનિવાર સુધી કાયમ રહેશે. સમય સવારના ૯થી રાત્રિના ૮ સુધી સેલ સહુ માટે ખુલ્લો છે, પ્રવેશ અને પાર્કિંગ ફ્રી છે

# બ્રેઈન ડેડ ૨૨ વર્ષીય વિજયભાઈ રાવલના અંગદાને ચાર જરૂરિયાતમંદોને નવજીવન બક્ષ્યું

સમાજમાં પ્રવર્તી રહેલી અંગદાનની જાગૃતિએ જરૂરિયાત મંદોના જીવનમાં ઉજાસ પાથરવાનો નવો રાહ ચિંધ્યો-સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડૉ.રાકેશ જોષી★

મારો યુવાન ભાઈ ઘરનો 'સાવજ' હતો. તેનું સંઘર્ષપૂર્ણ જીવન અને સાહસિક સ્વભાવ અમારા ઘરના જ નહીં પરંતુ અગણ્ય લોકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. ફક્ત ૨૨ વર્ષની વયે બ્રેઇનડેડ મૃત્યુ થતા પરિવારજનો અત્યંત દુ:ખની લાગણી અનુભવી રહ્યા છીએ. પરંતુ મરણોપરાંત પણ અમારા ઘરનો વીરો અન્ય ચાર જરૂરિયાત મંદોને નવજીવન આપી ગયો તેનો ગર્વ છે. આ શબ્દો છે અંગદાતા વિજય ભાઈના ભાઈ સચીન ભાઈ રાવલના.વિજાપુરના ૨૨ વર્ષીય વિજયભાઈ રાવલનો મહેસાણા પાસે માર્ગ અકસ્માત થતાં મહેસાણાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અર્થે લઇ જવામાં આવ્યા. ત્યાં તબીબોને સ્થિતિ ગંભીર જણાતા અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં હતા.ત્યાંના તબીબોએ સારવાર દરમિયાન વિજય ભાઈને બ્રેઈનડેડ જાહેર કર્યા.

રાજયમાં અંગદાનની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા શ્રી દિલીપભાઈ દેશમુખના અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાના સ્વયંસેવકો દ્વારા વિજાપુર જઈને મહેશભાઈના પરિવારજનોને અંગદાન માટે પ્રેરિત કરવામાં આવ્યા.પરિવારજનોએ પણ અંગદાન માટે સંમતિ દર્શાવ્યા બાદ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં અંગદાન માટેના વિવિધ ટેસ્ટ કરવામાં આવ્યા.જે તમામ ટેસ્ટ અંગદાન માટેના માપદંડોમાં બંધબેસતા વિજયભાઈના અંગોના રીટ્રાઇવલની પ્રક્રિયા હાથ ધરાઈ.

વિજયભાઈના અંગોના દાનમાં હૃદય ગ્રીન કોરિડોર મારફતે સિમ્સ હોસ્પિટલ અને ફેફસાને ગ્રીનકોરિડોર મારફતે મુંબઈ, જ્યારે લિવર અને બંને કિડની અમદાવાદ



**અમારા ઘરનો સાવજ ગુમાવ્યો છેઃ પરંતુ મરણોપરાંત પણ તે અન્યોના જીવનમાં ઉજાસ પાથરી ગયો તેનો ગર્વ પણ છે-સચિન રાવલ(અંગદાતા ના ભાઈ)**

સિવિલ મેડિસીટીની કિડની હોસ્પિટલમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યા હતા.સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષી સમગ્ર વિગત આપતા જણાવે છે કે, સિવિલ હોસ્પિટલ માં અત્યાર સુધી ૨૯ અંગદાતાઓના અંગદાન મેળવવામાં સફળતા મળી છે. ૮૦ વ્યક્તિઓમા ૯૫ અંગોનુ પ્રત્યારોપણ કરી આ તમામ જરૂરિયાત મંદોને નવજીવન આપવામાં સફળતા મળી છે.

સમાજમાં પ્રવર્તી રહેલી અંગદાન માટેની જનજાગૃતિ એ જરૂરિયાતમંદ દર્દીઓની મદદ દ્વારા તેમના જીવનમાં ઉજાસ પાથરી તેમને નવજીવન આપવા માટે નવો રાહ ચિંધ્યો છે તેઓ સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ઉમેર્યું હતું.

..................

અમિતસિંહ ચૌહાણ

# ઉત્તરાયણના પર્વ નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધીકરૂણા અભિયાન કાર્યક્રમ યોજાશે

## ગાંધીનગર જિલ્લામાં ઘાયલ થયેલપશુ- પક્ષીઓની જાણ કંટ્રોલ રૂમ નંબર- ૯૪૮૪૮૭૬૪૫૧ અને ૮૩૨૦૦૦૨૦૦૦ પર કરો

ગાંધીનગરઃ શુક્રવારઃ

ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્રદ્વારા દ રવર્ષેઉત્તરાયણપર્વદરમ્યાન પતંગના દોરા થી ઘાયલ થતાંપક્ષી ઓને બચાવવ ાકરુણા અભિયાન ઉજવવામાં આવેછે. કરુણા અભિયાનમાં પક્ષીઓને બચાવવા અંગે આજરોજ જિલ્લાના નાયબ વન સંરક્ષક શ્રી એસ.એમ. ડામોરના અધ્યક્ષ સ્થાને પશુપાલન વિભાગના ર્ડાકટરો, જીવ દયાપ્રેમી સ્વૈચ્છિક સંસ્થાઓ અને પક્ષી પ્રેમીઓની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં પક્ષીઓને બચાવવા કરવામાં આવનાર કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લાના નાયબ વન સંરક્ષક શ્રી એસ.એમ.ડામોરે જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં ઉત્તરાયણના પર્વમાં ઘાયલ થયેલા પશુ- પક્ષીઓને સારવાર આપવા માટે દર વર્ષથી જેમ આ વર્ષે પણ તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી- ૨૦૨૨ દરમ્યાન કરૂણા અભિયાનનું આયોજન કરવામાં આવશે. આ સમય દરમ્યાન કોઇ પક્ષી ઘાયલ થાય તો તે અંગેની જાણ નાગરિકો સરળતાથી કરી શકે તે કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવશે. કોઇપણ નાગરિક ઘાયલ થયેલા પશુ-પક્ષીઓની સેવા માટે મોબાઇલ નંબર – ૯૪૮૪૮૭૬૪૫૧ અને ૮૩૨૦૦૦૨૦૦૦ પર કરી શકશે.

નાયબ વન સંરક્ષકશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મોર, ધુવડ, સમડી જેવા શિડયુઅલ પક્ષીઓ ઘાયલ થાય તો તે અંગેની જાણ તાત્કાલિક વન ખાતાને કરવા નાગરિકો અને પશુ દવાખાના ર્ડાકટરોને ભારપૂર્વક જણાવ્યું હતું.

પશુપાલન અધિકારી શ્રી એસ.આઇ.પટેલે જણાવ્યું હતું કે, ઘાયલ થયેલા પશુ- પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ઉત્તરાયણના તહેવારમાં પણ જિલ્લાના તમામ પશુ દવાખાનાઓ ચાલું રહેશે. ઘાયલ થયેલા પશુ-પક્ષીને નજીકના દવાખાનામાં પણ નાગરિકો લઇ આવશે, તો તેની સારવાર કરાવી શકશે.

મામલતદાર શ્રી ર્ડા. જીનલ શાહે જણાવ્યું હતું કે, ગતૂ વર્ષથી જેમ આ વર્ષે પણ ઉત્તરાયણના તહેવાર બાદ દોરી ગૂંચળાનો જથ્થો જે કોઇ નાગરિકો નજીકના પશુ દવાખાના અથવા વન ખાતાની કચેરીમાં જમા કરાવશે, તેમને ૧ કિલોગ્રામ જેટલી દોરી પણ રૂપિયા ૩૦/-નું વળતર ચુકવવામાં આવશે. તેમજ ચાઇનીઝ દોરી પર કોઇ પંતગ ચગાવતું હોય કે વેચાણ કરતું હોય તો કંટ્રોલ રૂમ પર કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. આ અંગે કાયદેસરની કાર્યવાહી કરવાનું પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લાની વિવિધ જીવદયા પ્રેમી સંસ્થાના અગ્રણીઓ અને સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીના મોડાસા, માલપુર અને બાયડના છ વિસ્તારનો માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુ પ્રતિબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા મોડાસા શહેરના કલાસિક એપાર્ટમેન્ટ, એસ.પી.બંગ્લોઝ, કોરલ સીટી અને ખડાયતા બોર્ડીંગ વિસ્તાર તથા બાયડ શહેરના સહજાનંદ સોસાયટી, માલપુર ગામના પંડ્યાવાસ તથા મોડાસા તાલુકાના હફસાબાદ અને બોરકંપા વિસ્તારને માઇક્રો કન્ટેટમેન્ટમાં મુકવાની દરખાસ્ત આવતા અરવલ્લી જિલ્લા અધિક કલેકટર શ્રી એન.ડી.પરમારે તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 ™ku Micro Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામુ તા. ૨૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધી અમલી રહેશે જો કોઇ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# અરવલ્લી જિલ્લા ટાસ્ક ફોર્સની વ્યર્યુલ બેઠક યોજાઇ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષ સ્થાને બાળ શ્રમ નાબૂદી માટે જિલ્લા બાળ શ્રમયોગી પ્રથા નાબુદી ટાસ્ક ફોર્સ સમિતિ મિટિંગ ર્ઘ્સ્નફ્રી સીના માધ્યમથી યોજાઇ હતી.

બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી નરેન્દ્રકુમાર મીના દ્વારા જિલ્લામાં આવેલા ઔધોગિક એકમો તથા રેસ્ટોરન્ટ, પાર્લર તેમજ કોલ્ડ સ્ટોરેજ સહિત મહત્વની જગ્યાઓ પર સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરવા સબંધિત અધિકારીને સૂચન કર્યુ હતુ . આ ઉપરાંત પરપ્રાંતમાંથી કપાસની મજૂરી માટે આવતા તેમજ ઇંટવાડાના ભઠ્ઠાના કામદારો સાથે કોઇ બાળમજૂર હોય છે કેમ તે અંગે તપાસ કરવા સૂચન કર્યુ હતું. ઉપરાંત બાળમજૂરી રોકવા સ્ટેટ ટોલ ફ્રી નંબર નિર્દેશ કરવા અથવા આપણા જિલ્લાનો કાયમી ટોલ ફ્રી નંબર શરૂ કરવા માટે સૂચન કર્યુ હતું. જિલ્લા માં બાળ શ્રમ ની નાબૂદી માટે ટાસ્ક ફોર્સ સમિતિના સભ્યો દ્વારા નિયમિત રેડ નું આયોજન અને બાળ શ્રમ નાબૂદી માટે સઘન કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં શ્રમ અધિકારી શ્રી દુબે, જિલ્લા સંકલિત બાળ વિકાસ અધિકારી, પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK